પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ પોષ વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૦૪૬

**સુવિચાર**

વધારે એ જ બોલે છે જેને ખરેખર બોલતા નથી આવડતું. કારણ કે 'સત્ય' તો સંક્ષેપમાં સમાયેલ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## જિલ્લાની ૧૫ લાખની જનતાને આઝાદીનાં અમૃતકાળનાં કોઈ ફળ ચાખવા મળતા નથી

# અમરેલી જિલ્લાને કેન્દ્ર અને રાજય સરકારનાં બજેટથી કોઈ ફાયદો નહી

બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવે, ઉધોગોનું સ્થાપન, યુનિવર્સિટીની રચના સહિતનાં સેંકડો મામલે ઓનલી અન્યાય

જિલ્લામાંથી દર વર્ષે સેંકડો પરિવારો રોજગારી, શિક્ષણ અર્થે મહાનગર તરફ સ્થળાંતર કરવા મજબુર બન્યા તેની કોઈ ચિંતા જ નથી

જિલ્લાનાં સત્તાધારી પક્ષનાં આગેવાનો બજેટને સમજયા વગર રાબેતા મુજબ કેન્દ્ર અને રાજય સરકારનાં બજેટને આવકારી રહ્યા છે

જિલ્લામાં ગંદકી, રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટથી લઈને રેલ્વે, ઉધોગોનાં પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સરકાર ઉદાસીન



જિલ્લાની જનતા જેની વર્ષોથી ઈચ્છા સેવી રહી છે તેની પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લો એ રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાની સ્વપ્નસમી ભૂમિ છે અને તેઓનાં મુખ્યમંત્રી કાળમાં જિલ્લામાં આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ, અધ્યતન સિવિલ હોસ્પિટલ, ખોડિયાર સહિતનાં જળાશયો, મુખ્ય મથક જેવી મહત્વની અનેક સુવિધાઓ મળવા પામી હતી. તેઓનાં પછીનાં રાજકીય આગેવાનો ડો. મહેતાની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં નિષ્ફળ સાબિત થયા છે.

તાજેતરમાં કેન્દ્ર અને રાજય સરકારે લાખો કરોડો રૂપિયાનું બજેટ જાહેર કર્યુ. તેમાં અમરેલી જિલ્લાનાં ખેડૂતો, યુવાઓ, વેપારીઓ, હીરા ઉદ્યોગ, મહિલાઓનાં સર્વાંગી વિકાસ માટે સ્પેશ્યલ કોઈ રાહત આપવામાં આવી નથી તો અમરેલીને બ્રોડગેજ, અમરેલી-બાબરા અને અમરેલી-ચાવંડ વચ્ચેનાં માર્ગને ફોરલેન કરવાની કે કોઈ મહત્વનાં ઉદ્યોગ કે યુનિવર્સિટીની સ્થાપના સહિતની કોઈ

(અનુસંધાન પાના ૬ ઉપર)




## નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં અજમેરા કોમ્પ્લેક્ષ અને પરમ કોમ્પ્લેક્ષ વચ્ચેનાં માર્ગ ઉપર આવેલ જાહેર શૌચાલયને તોડી પડાતા રજુઆત

## પાલિકાનાં શાસકોને ખબર નથી કે શૌચાલય કોણે અને કેવી રીતે દૂર કર્યુ



અમરેલી, તા. ૩

અમરેલીનાં નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા સંચાલિત સ્ટેશન રોડ પર આવેલ અજમેરા સ્કૂલ અને પરમ કોમ્પ્લેક્ષની વચ્ચે શેરીમાં જાહેર શૌચાલયને તાજેતરમાં તોડી પાડવામાં આવેલ છે. આ બાબતે અમોએ ચીફ ઓફિસરને જાણ કરતા તેઓએ જણાવેલ કે આ અંગે પાલિકાને ખબર નથી કે આ શૌચાલય કોણે તોડી પાડયું છે? પાલિકા ધ્વારા આવો કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

આ શૌચાલય કોણે તોડયું? જેની જાણ નગરપાલિકાને નથી આ કૃત્ય કરીને જાહેર જનતાની સુવિધા છીનવનાર કસુરવાનની તપાસ કરી પોલીસ

(અનુસંધાન પાના ૬ ઉપર)









જાગૃત નાગરિક કલ્પેશભાઈ નાથાણીની રજૂઆત

# ધારીનાં જળજીવડી ગામની ગૌચર જમીનમાં થયેલ દબાણ દૂર કરવા માંગ

## જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને કરી માંગ



અમરેલી, તા. ૩

ધારીનાં જળજીવડી ગામે થયેલ ગૌચર જમીન પરનું દબાણ દૂર કરવા ગામનાં જાગૃત નાગરિક કલ્પેશભાઈ નાથાણીએ કલેકટરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી તાલુકાનાં જળજીવડી ગામનાં ખાતા નં. ૨૫, સર્વે નં. ૨૯, ૩૬, ૨/૨ પૈકી ૨, ૨/૩ પૈકી ૬ માં ગૌચર હેડે આવેલ છે પરંતુ આ ગૌચરની જમીનમાં વ્યાપક દબાણ કરવામાં આવેલ છે.

જળજીવડી ગામ ગીર વિસ્તારમાં આવેલ છે અહીયા પશુઓની સંખ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં છે. ગૌચરમાં દબાણ થયેલ હોવાના કારણે પશુપાલકોએ આજુબાજુના ગામના દૂર વિસ્તારમાં પશુઓને લઈ જવા પડે છે. જેના માટે વહીવટી તંત્ર જવાબદાર છે. જો દબાણ દુર કરવામાં આવે તો પશુપાલકોને પડતી હાલાકી કાયમી ધોરણે દુર થાય તેમ છે. મોટાભાગનાં દબાણકર્તા સ્વૈચ્છાએ પણ દબાણ દુર કરવા તૈયાર છે. તો પશુપાલકોના હિતમાં તાકીદે થયેલ દબાણ દુર કરાવવા જરૂરી કાર્યવાહી કરવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ આદેશાનુસાર ગૌચરની જમીનમાં પાકુ બાંધકામ હોય તો પણ આવું દબાણ દુર કરવું જોઈએ તેવા આદેશનું પાલન વહીવટીતંત્ર ધ્વારા જાણી જોઈને કરવામાં આવતું નથી અને સરકાર તથા ઉચ્ચ અદાલતના આદેશની અવગણના કરવામાં આવી રહેલ છે. અનેક વખત લેખીત મૌખિક રજુઆતો કરવા છતાં પણ આવી રજુઆતને આજદિન સુધી ધ્યાને લીધેલ નથી.

ધારી તાલુકાના જળજીવડી ગામનાં સર્વે નં. ૨૯, ૩૬, ૨/૨ પૈકી ૨, ૨/૩ પૈકી ૬ માં કરવામાં આવેલ દબાણ તાકીદે દુર કરવા અન્યથા ભવિષ્યમાં ન છુટકે આવું દબાણ દુર કરાવવા માટે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

માયાભાઈ ઉર્ફે બરફવાલાનાં ભોગવટાનાં હોલમાંથી

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાંથી દારૂની બોટલ અને બિયરનાં ટીન ઝડપાયા

## પોલીસ વિભાગે રૂપિયા ૮૯૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૩

જાફરાબાદના સામાકાંઠા વિસ્તાર પ્રાર્થના મંદિરની બાજુમાં રહેતા માયાભાઈ ઉર્ફ બરફવાલા રામાભાઈ બારૈયાએ વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના હોલમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બીયરના ટીન મળી કુલ નંગ–૫૪ જેની કુલ કિંમત રૂા. ૭૯૮૦ તથા મોબાઈલ નંગ–૧ કિંમત રૂપિયા ૧૦૦૦ મળી કુલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૮૯૮૦ ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તે તથા દારૂનો જથ્થો પુરો પાડનાર આરોપી સાગરભાઈ માયાભાઈ બારૈયા તથા સાગરને માલ આપનાર અજાણ્યો સામે કાર્યવાહી કરી દારૂ તથા બીયરનાં જથ્થા સાથે માયાભાઈ ઉર્ફે બરફવાલા રામાભાઈ બારૈયાને પોલીસે ઝડપી લીધો હતો.

અમરેલીનાં કૃષિ કેન્દ્ર દ્વારા

# અમરેલીનાં જેશીંગપરા, વરસડા અને બાઢડા ખાતે ડ્રોન નિદર્શન કાર્યક્રમ યોજાઈ ગયો

## એગ્રીડ્રોન પ્રોજેકટ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૩

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા એગ્રી ડ્રોન પ્રોજેકટ અંતર્ગત અમરેલી તાલુકાના જેસિંગપરા અને વરસડા તેમજ સાવરકુંડલા તાલુકાના બાઢડા ખાતે ડ્રોન નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી તેમજ ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ દ્વારા એગ્રી ડ્રોન પ્રોજેકટ અંતર્ગત અમરેલી તાલુકાના જેસિંગપરા અને વરસડા તેમજ સાવરકુંડલા તાલુકાના બાઢડા ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. પી.જે. પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ ડ્રોન નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વૈજ્ઞાનિક પ્રો. એન. એમ. કાછડીયાએ ડ્રોન ટેક્નોલોજી દ્વારા બીવેરિયાનાં છંટકાવથી થતા ફાયદા અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો. વી. એસ. પરમાર તેમજ નિવૃત વિસ્તરણ અધિકારી એ. એમ. શેખવા પણ હાજર રહી ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગમાંથી પ્રો. ડી.બી. ચાવડા તેમજ કે.એચ. નારોલાએ ડ્રોન નિદર્શન દ્વારા બીવેરિયા જૈવિક જંતુનાશકનો છંટકાવ કરેલ અને ડ્રોન વિષે માર્ગદર્શન પૂરું પાડેલ. આ કાર્યક્રમ અંતર્ગત જેસિંગપરા, વરસડા તેમજ બાઢડા તાલુકાનાં ૪૪ જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ હતો.

કરોડો વ્યકિતઓની આશાઓ ઉપર પાણીઢોળ કરતું બજેટ

# અમરેલી જિલ્લા સહિત રાજયની જનતાને રાજય સરકારનાં વાહવાહી બજેટથી કોઈ જ રાહત નહી

## પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે બજેટને નિરાશાજનક ગણાવ્યું

અમરેલી, તા. ૩

પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે એક નિવેદનમાં જણાવ્યું છે કે, દાહોદની અનેક બોગસ કચેરીઓ ધ્વારા આદિવાસીઓને પણ મુકયા નથી તે આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશ લોન આપવા માટેની નવો જુમલો આપીને લોકસભાની ચૂંટણીમાં તેમના મત લૂંટવા માટેનો આ જુમલો હોય તેવું લાગી રહ્યું છે. ૪૦ પેજના બજેટમાં ૧૭ પેજ સુધી કોઈ નવી જાહેરાત નથી માત્ર વડાપ્રધાનની વાહ–વાહી વડાપ્રધાનના નામ લીધા સિવાય કોઈ વાત નથી. ગુજરાતમાં પ્રતિ વ્યકિત વાર્ષિક વિજ વપરાજ ભારત કરતા બમણું છે એટલે અહીંયા વેપાર–ધંધા વધું છે તેવો તર્ક આપી નાણામંત્રી શું સાબિત કરવા માંગે છે ? માર્ગ–મકાન વિભાગને ૨૨ હજાર કરોડ રૂપિયા આપી રહ્યા છે એ તો વહીવટી પ્રક્રિયા છે પરંતુ નવો કયો રસ્તો મંજુર કર્યો છે તે બજેટમાં જાણકારી આપી નથી. એનો અર્થ એવો છે કે નવો રસ્તો કોઈ બનાવવાનો નથી. ૬૫ હજાર સ્કૂલનાં ઓરડાના ઘરનાં કારણે વિદ્યાર્થીઓ ઠંડી, તડકો અને વરસાદમાં બહાર બેસીને અભ્યાસ કરે છે ત્યારે ૧૫ હજાર ઓરડાનું કામ ચાલી રહ્યું છે ૬૫ હજાર સ્માર્ટ કલાસરૂમ બનાવ્યા છે અને ૪૫ હજાર બનાવી રહ્યા છે, ૬ હજાર શાળામાં એક લાખ કોમ્પ્યુટર આપવાની જાહેરાતમાં અનેક સ્કૂલો શિક્ષકો વગર ચાલે છે. ભણશે ગુજરાત પણ વિદ્યાર્થીઓ કયારે ભણવાનાં છે તેમ જણાવી ઠુંમરે ઉમેર્યુ હતું કે, ગુજરાતમાં કુલ એક કરોડ બત્રીસ લાખ કુટુંબ છે, સાડા છ કરોડની જનતા છે તે પૈકી ૭૨ લાખ કુટુંબોને ૩૫ વર્ષથી ભાજપ સરકાર હોવા છતાં મફત અનાજ આપે છે તેવી વાતો કરે છે. એનો અર્થ એવો કે ૬૦% કુટુંબો ૫ કિલો અનાજ ઉપર પોતાનું જીવનનિર્વાહ કરે છે. સાડા છ કરોડ જનતા પૈકી ૩.૫ કરોડ જનતા મફત અનાજ ઉપર જીવન ગુજારી રહ્યા છે આ કયું ગુજરાત મોડલ છે. શ્રમિક અન્નપૂર્ણા ગરીબ યોજનામાં ૨૭૩ કેન્દ્રોમાં ૪૦ હજાર શ્રમિકો જમે છે અને ૧૦૦ નવા કેન્દ્રો ઉભા કરવાની વાત કરી છે. એટલે ભાજપ સરકાર શું ગુજરાતને ભિખારી બનાવવા માંગે છે? તેવો વેધક પ્રશ્ન ઠુંમરે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષમાં ૨૫૦૦ એસ.ટી. બસો નવી આવશે, ૨૨૦૦ આવી છે તો ગુજરાત રાજય માર્ગ પરિવહન આવડી ખોટ કરે છે આ બસો કોની તૈનાતમાં મુકવાની છે ? કે પછી નતનવા સરકારી કામોમાં આ બસો ફેરવીને લોકોને પડયા ઉપર પાટું મારવાની વાતો તો નથી ને ? દેશના વડાપ્રધાને પી.એમ. વિશ્વકર્મા યોજનાની ખૂબ જાહેરાત કરી પરંતુ વિશ્વકર્મા પરિવારોને આ બજેટમાં કયાય ઉલ્લેખ નથી. વિશ્વકર્મા પરિવારોને ગુજરાતની સરકાર શું મતલક્ષી ઉપયોગ કરવા માટે જ વિશ્વકર્માની વાતો કરી રહ્યા છે ? આ બજેટમાં વિશ્વકર્મા પરિવારોને એકપણ રૂપિયો ફાળવ્યો નથી તે વિશ્વકર્મા પરિવારોએ વિચારવાનો સમય પાકી ગયો છે. અધુરૂ પુરૂ ચોથી જાગીર એવી મિડીયા જગતને બજેટની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો, આ કયું ગુજરાત મોડલ છે તે પણ ગુજરાતની જનતા જાણવા માંગે છે. ભુવો ધુણે તો નાળીયર ઘર ઉપર ફેકે એ જુની કહેવત છે પણ આ નાણામંત્રી સોપારીનો કટકો પણ ફેકી શકયા નથી. નાણામંત્રીનો કાલે જન્મ દિવસ છે ત્યારે વાપીને ઔદ્યોગિક વસાહત કોર્પોરેશનનો દરજજો આપવો તેવી જાહેરાત કરી છે તો ભાજપમાં વધારે બજેટ રજુ કરવાનો જેનો યશ જાય છે તે નિતીનભાઈ પટેલ મહેસાણાને કયો નવો દરજજો અપાવી રહ્યા છે તે ગુજરાતની જનતા જાણવા માંગે છે. ૪૦ કિલો યુરીયાની બેગ કરી ભાવ ઘટાડયો નથી ત્યારે ખેડૂતોને આશા હતી કે બજેટમાં નવું કંઈક આવશે તે ખેડૂતોને ઠેંગો આપવા સિવાય કશું આપેલ ન હોય તેવું લાગી રહ્યું છે. ટૂંકમાં ગુજરાત સરકારનું આ બજેટ ચૂંટણીલક્ષી બજેટ છે અને વધુ એક જુમલો આપવાનો બજેટ સિવાય કશું નથી માત્ર નવા–નવા નામેથી નવાજીને વડાપ્રધાનની વાહ–વાહી સિવાય અગાઉ અલંકારી શબ્દો આપ્યા હતા તે સિવાય આ બજેટમાં કઈ નવું લાગતું નથી તેમ ઠુંમેર જણાવ્યું હતું.

ભારત સરકારે સહકારી વિભાગ નવો ઉભો કર્યો છે. સહકાર બાબતે ગુજરાત દેશમાં મોખરે છે. એક સહકારી આગેવાન તરીકે મને એમ હતું કે, ગુજરાતની સહકારી નવી બેંકો, નવા સંઘો કે નવી સંસ્થાઓ ઉભી કરવાની બજેટમાં વાત હશે પરંતુ ૩૫ વર્ષ સુધી જુની બેંકો, જુના સંઘો અને જુની સહકારી સંસ્થાને આટી ઘુટીથી મેન્ડેન્ટ આપી ભાજપ કાર્યાલયો બનાવવાથી વિશેષ કશું દેખાતું નથી તેમ અંતમાં જણાવ્યું હતું.

એડવોકેટની ધારદાર દલીલો સફળ રહી

# અમરેલીનાં પોકસો કેસનાં આરોપીની જામીન અરજી મંજૂર

## આરોપી રીક્ષાચાલકને રાહત મળી





અમરેલી, તા. ૩

લલચાવી, ફોસલાવી, ધમકાવી, ડરાવી, અપહરણ બળાત્કાર સ્પેશ્યલ પોકસો એકટની કલમ સહિત કુલ ૧૮ કલમનાં આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર થયેલ છે.

ગોંડલના રીક્ષા ચાલક આકાશ અશોકભાઈ સોલંકી નામના યુવાન ઉપર અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨) (જે) ૩૭૬(એન) ૧૧૪ સ્પેશ્યલ પોકસો એકટની કલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૭, ૧૮ અન્વયેનો ગુન્હો નોંધાયેલ હોય. ત્યારબાદ અમરેલી પોલીસ ધ્વારા આરોપીની અટક કરી અમરેલી સ્પેશ્યલ પોકસો કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ આરોપી તર્ફે અમરેલીનાં એડવોકેટ તેજશ એસ. ધોણે, એડવોકેટ સુનીલ રાજયગુરૂ, એડવોકેટ સંદિપ પંડયા, એડવોકેટ રામજીભાઈ જાદવ રોકાયેલા હતા. આ જામીન અરજી અમરેલી સ્પેશ્યલ જજ એમ.જે. પરાસરની કોર્ટમાં ચાલી જતાં એડવોકેટની ધારદાર દલીલો તેમજ જીણવટભરી રીતે કાયદાકીય રજુઆતોનાં અંતે કોર્ટે આરોપીનાં રેગ્યુલર જામીન મંજુર કરેલ છે.

# બગસરા ખાતે જેસિઝ ગૃપ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૩

જેસિઝગૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૯/૨/૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વ. નાનજીભાઈ માધવજીભાઈ ખોરસિયા, સ્વ. અમૃતબેન નાનજીભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ નાનજીભાઈ તથા સ્વ.બેબીબેન નાનજીભાઈના સ્મરણાર્થે હા. લાલજીભાઈ નાનજીભાઈ ખોરાસિયા પરિવારના સૌજન્યથી ૫૮૯ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતાના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૯/૨/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

ગાંધીનાં ગુજરાતમાંથી સતત દારૂ ઝડપાઈ રહ્યો છે

# અમરેલીનાં પ્રતાપપરા માર્ગેથી વિદેશી દારૂ પોલીસે ઝડપી લીધો

## આરોપી અજયગીરી ઉર્ફે અજુ ગોસાઈ વિરૂદ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૩

અમરેલીના ચિતલરોડ ઉપર આવેલ ગુરૂકૃપાનગર–૨ માં ગાર્ડનની સામે રહેતા અજયગીરી ઉર્ફે અજુ ભરતગીરી ગોસાઈ નામના ઈસમ અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૬૩ ની કિંમત રૂા.૨૨૦૫૦ ની તથા સ્ટાર બ્લ્યુ ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ–૪૦ કિંમત રૂપિયા ૬૦૦૦ તથા એક મોબાઈલ ફોનની કિંમત રૂા.૫૦૦ તથા પોતાના હવાલાવાળી સફેદ કલરની કાર નં. જીજે–૦૧ એચઝેડ ૫૧૭માં દારૂની હેરફેરમાં ઉપયોગ કરેલ હોય જેની કિંમત રૂપિયા ૬૦૦૦૦ ની મળી કુલ રૂપિયા કિં.૮૮૫૫૦ ના મુદ્દામાલ સાથે અમરેલીના સુળીયાટીંબા જતા રસ્તે પ્રતાપપરાના રસ્તેથી હેરફેર કરતા પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બેન્કનાં ચેરમેન સહિતે શ્રધ્ધાંજલિ પાઠવી

# અમરેલી જિલ્લા બેન્કનાં ડિરેકટર કનુભાઈ પટોળીયાનું નિધન થયું

## સદ્દગતનાં દિકરાની બેન્કના ડિરેકટર તરીકે વરણી



અમરેલી, તા. ૩

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ડિરેકટરશ્રી કાંતિભાઈ (કનુભાઈ)વલ્લભભાઈ પટોળીયાનું તા.૦૧/૦૨/૨૦૨૪ નાં રોજ થયેલ દુઃખદ અવસાન અન્વયે બેંકના ચેરમેન, તથા બેંકના વાઈસ ચેરમેન તથા બેંકના બોર્ડના તમામ ડિરેકટરશ્રીઓ તથા બેંકના તમામ સ્ટાફ પરીવાર ઉંડા દુઃખ અને શોકની લાગણી વ્યકત કરે છે. જીલ્લાના એક સહકારી આગેવાનની ખોટ બેંક અને સહકારી જગતને કાયમી રહેશે. તેમજ શ્રી કાંતિભાઈ વલ્લભભાઈ પટોળીયાનું અવસાન થતા બેંકની ખાલી પડેલ ડિરેકટર જગ્યા ઉપર બેંકની તા.૦૩–૦૨–૨૦૨૪ ની એકઝીકયુટીવ કમીટીની મીટીગમાં સર્વાનુમતે થયેલ નિર્ણય મુજબ તેમના હરેશભાઈ કાંતિભાઈ પટોળીયાની બેંકના ડિરેકટર તરીકે નીમણૂંક કરેલ છે. તે અંગે શ્રી બી.એસ.કોઠીયા, જનરલ મેનેજર (સી.ઈ.ઓ) એ અખબારી યાદીમાં જણાવેલ છે.

# લીલીયા મોટા ખાતે લાયસન્સ કલબ (સીટી)નાં સહયોગથી નેત્રયજ્ઞ યોજાયો



લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના પ્રોજેકટ અંધત્વ નિવારણ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી ત્રીજો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા.૧/૨/૨૦૨૪ ને ગુરૂવાર સાવરે ૯ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાનાં પ્રમુખ બાબુભાઈ ધામત અને ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી તેમજ આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ આંખનાં નિષ્ણાંત ડો.હાર્દિકભાઈ કાલરીયા અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૪ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૨૫ આંખ રોગનાં દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૦ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખનાં નજીક તથા દુરનાં નંબરની તપાસ કરી કેમ્પ સથળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી લાયન કલબ ઓફ અમરેલી સિટી તરફથી સેક્રેટરી ઋજુલભાઈ ગોંડલીયા, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ધામત, મુકેશભાઈ શેખલીયા, શાંતિભાઈ ધામત, ભુરાભાઈ શેખલીયા, વશરામભાઈ ધામત, ઉકાભાઈ શિળોજા, પી.કે. શેખલિયા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, પ્રકાશભાઈ આચાર્ય, હિંમતભાઈ કાછડીય અને તેમની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ની યાદી જણાવે છે.

## દેશનું મીડિયાજગત યાત્રાને લઈને ઉદાસીન હોવા છતાં પણ જનતાનું પ્રચંડ સમર્થન

# કોંગી નેતા રાહુલ ગાંધીની ''ભારત જોડો ન્યાય યાત્રા'' ને પ્રચંડ જનસમર્થન

**મણીપુરથી શરૂ થયેલ ભારત જોડો ન્યાય યાત્રાને આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર બાદ હવે ઝારખંડમાં પણ વ્યાપક સમર્થન**

**દેશની જનતાને સ્પર્શતા મોંઘવારી, બેરોજગારી જેવા મહત્વનાં પ્રશ્નોને તેઓ વાચા આપતાં હોવાથી જનસમર્થન મળી રહ્યું છે**

**ઉદ્યોગપતિઓને સરકાર તરફથી મળતા વિવિધ લાભોથી જનતાને માહિતગાર કરાવી રહ્યા છે**

**મહિલાઓ, યુવાઓ, વૃધ્ધો અને બાળકો સહિત સૌ કોઈ રાહુલની એક ઝલક મેળવવા કલાકો સુધી રાહ જુએ છે**



અમરેલી, તા. ૩

ભારત દેશમાં એક તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌથી વધુ લોકપ્રિય નેતા તરીકે પ્રસિધ્ધ થયા છે તો બીજી તરફ તેમની લગોલગ કે તેનાથી થોડી ઓછી માત્રામાં લોકપ્રિયતા રાહુલ ગાંધી ધરાવતાં હોવાનું એક સર્વેમાં પણ જાહેર થયેલ.

દેશનાં શાસક પક્ષમાં નરેન્દ્ર મોદી બાદ યોગી આદિત્યનાથ બીજા નંબરે લોકપ્રિય ચહેરો છે. તો વિપક્ષી નેતાઓમાં રાહુલ ગાંધીની ઓળખ દેશના ખૂણે ખૂણે પહોંચી છે અને કોઈ વિપક્ષી નેતા તેમનાથી લોકપ્રિયતા બાબતમાં બહુ પાછળ છે.

દરમિયાનમાં કન્યાકુમારીથી કાશ્મરી સુધીની ભારત જોડો યાત્રાને જબરદસ્ત સફળતા મળતાં તેનાથી પ્રેરાઈને રાહુલ ગાંધીએ દેશનાં ઉત્તરપૂર્વનાં રાજય મણીપુરથી મુંબઈ સુધીની ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરેલ છે જે ૨૦ માર્ચ સુધી ચાલવાની છે.

યાત્રાનો પ્રારંભ મણીપુરથી લઈને અરૂણાચલ, આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર બાદ યાત્રા ઝારખંડ પહોંચી છે. જયાં કોંગી નેતાને નિહાળવા યુવાનઓ, મહિલાઓ, વૃધ્ધો, ખેડૂતો, શ્રમિકો અને નાના બાળકો કલાકો સુધી રાહ જોતા જોવા મળી રહ્યા છે.

કોંગી નેતા હવાહવાઈ વાત કરવાને બદલે દેશનાં કરોડો પરિવારોને પરેશાન કરતી મોંઘવારી, બેરોજગારી જેવી સમસ્યાને ઉજાગર કરે છે અને સરકાર ધ્વારા મુટ્ઠીભર ઉદ્યોગપતિઓને મળતા લાખો-કરોડોની સહાય બાબતે જનતાને માહિતગાર કરી રહ્યા છે અને ખરેખર જનપ્રતિનિધિઓએ ગરીબો, ખેડૂતો, શ્રમિકો, મહિલાઓ અને યુવાઓની ચિંતા કરવી જોઈએ તે બાબત તેઓ સાબિત કરી રહ્યા છે.

---


**ચરખા ગામની મહિલાને પ્રસૃતિનો દુઃખાવો ઉપડતા**

## બાબરાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મિડવાઈફની કુનેહથી માતા અને બાળકને નવજીવન મળ્યું

**ડિલિવરી દરમિયાન બાળકનું માથુ અંદર અને શરીર બહાર ફસાયેલ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા



બાબરા, તા. ૩

મિડવાઈફ પ્રોગ્રામ હેઠળ આરોગ્ય કેન્દ્રના અનુભવી અને ટ્રેઈન થયેલ મિડવાઈફ પ્રિયંકાબેન ગોહિલ પોતાની કુનેહથી ફરજ બજાવી રહ્યા છે. જેનુ ઉદાહરણ તરીકે તા. ૨/૨/૨૦૨૪ના રોજ બાબરા તાલુકાનાં ચરખા ગામના અરૂણાબેન સંજયભાઈ ઉગરેજીયા (ઉં. વ. ૨૮) સગર્ભા મહિલાને પ્રસુતિનો દુઃખાવો ઉપડતાં પરિવારજનોએ પ્રાઈવેટ વાહન બાંધી સારવાર અર્થે સામૂહિક આરોગ્ય કેન્દ્ર-બાબરા ખાતે લઈ ગયા હતાં. સગર્ભા મહિલાના બાળકના પગ બહાર અને શરીર અંદરની સાથે ફસાય ગયેલ અને બાળકના ગળામાં ગર્ભનાળના ૪ આટા વિટાયેલ હતા. આવી જોખમી પરિસ્થિતિમાં બાળકને ાસ લેવામાં તકલીફ પડી શકે તેમ હોય અને અન્ય કોઈ હોસ્પિટલમાં રીફર કરી શકાય એવી પરિસ્થિતી ના હોવાથી તાત્કાલિક બાબરા સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા મિડવાઈફ પ્રિયંકાબેન ગોહિલ પોતાની સુજબુજ, આવડત, કૌશલ્ય અને અનુભવથી અતિ જોખમી પ્રસુતી નોર્મલ કરાવી હતી.

પરંતુ બાળકનું શરીર જન્મ થયા બાદ હલન-ચલન ના થતા મિડવાઈફ પ્રિયંકાબેન ગોહિલ અને સહાયક તરીકે વર્ગ -૪ ના કર્મચારી દ્વારા તાત્કાલિક ધોરણે લાઈફ સેવિંગ પ્રોસિજર (પુનઃસન) પ્રકિયા દ્વારા બાળક હલન-ચલન કરવાં લાગ્યું.

આમ અનુભવી મિડવાઈફ પ્રિયંકાબેન ગોહિલ દ્વારા માતા અને બાળકને જોખમી પરિસ્થિતિમાંથી ઉગારી લઈ નવજીવન આપવામાં આવ્યું અને ત્યારબાદ બાળકને વધારે સારવારની જરૂર લાગતા અમરેલી ખાતે રીફર કરવામા આવ્યું.

જેમાં બાળકનું વજન ૨.૯૨૦ ગ્રામ હતું. આ કિસ્સામાં નિઃશુલ્ક સારવાર મળતાં અને નોર્મલ ડિલિવરી થતા માતા અને તેમના પરિવારજનોએ પ્રિયંકાબેન ગોહિલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો આભાર વ્યકત કર્યો.

---

**સંગીત અને સંગીતવૃંદ દ્વારા પ્રાર્થના ગીત અને ગાંધી ભજન દ્વારા**

## સાવરકુંડલા ખાતે પૂ. મહાત્મા ગાંધીજી અને પૂ.લલ્લુભાઈ શેઠને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી

**સ્વાતંત્ર્ય સેનાનીઓ, ટ્રસ્ટીઓ વિગેરે ઉપસ્થિત રહ્યાં**



તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ-સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે પૂ.લલ્લુભાઈ શેઠ સ્મૃતિ મંદિર ખાતે શહેરની તમામ સંસ્થાઓ દ્વારા આયોજિત પૂ.મહાત્મા ગાંધીજીના નિર્વાણદિન અને સાવરકુંડલાના શિલ્પી પૂ.લલ્લુભાઈ શેઠની પુણ્યતિથિએ યોજાયેલ પ્રાર્થના સભામાં સંજયભાઈ મહેતા અને તેના સંગીતવૃંદમાં ગોસ્વામી મંત્ર, મિત હરિયાણી અને પીટીસી કોલેજની બહેનો ચૌહાણ પૂજા, માંડવીયા કિંજલ, સાસલા પારૂલબેન, રાઠોડ ધ્રુવિકા, શેખ સૂજાન, પરમાર ધર્મિષ્ઠાએ પ્રાર્થનાગીત ગાંધી ભજનો રજૂ કરેલ. કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય સેના નીઓ, શહેરની વિવિધ સંસ્થાના વિદ્યાર્થીઓ આચાર્યો અને ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. ટૂંકમાં કહીએ તો સંજયભાઈ મહેતા પોતે લોકગીત, સુગમ સંગીત, ગઝલ, ભજન, બાલગીત, લગ્ન ગીત, જેવા અનેક ગીતના પ્રકારો પર સારી હથરોટી ધરાવતાં એક ઊંચા ગજાના સંગીતજ્ઞ પણ છે. એમના નીચે તૈયાર થનારા અનેક બાળકોએ સંગીત ક્ષેત્રે રાજયકક્ષા સુધી શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં જોવા મળે છે. સંજયભાઈ મહેતા હાલ સાવરકુંડલાની નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. વી મોદી હાઈસ્કૂલમાં સંગીત શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમની કલાને માણવી એ પણ એક અલભ્ય લ્હાવો છે.

---

**શહેર ભાજપ દ્વારા**

## અમરેલી શહેરમાં ૧૦ અને ૧૧ ફેબ્રુ.નાં રોજ ''ગાંવ ચલો અભિયાન'' યોજાશે

**શહેર ભાજપની કાર્યશાળા બેઠક સંપન્ન**





અમરેલી, તા. ૩

અમરેલી શહેર ભાજપ દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઈ. આગામી ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીએ અમરેલી શહેરના દરેક બુથમાં પ્રવાસી કાર્યકર્તા કરતા જશે અને સરકારની સિદ્ધિઓ અંગે લોકોને માહિતગાર કરશે. તારીખ ૨/૨/૨૦૨૪ ને શુક્રવારના રોજ રાત્રિના નવ કલાકે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય અમરેલી ખાતે શહેર ભાજપ દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાય હતી. આ કાર્યશાળામાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, ભરતભાઈ મકવાણા, જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ દીપકભાઈ વઘાસિયા, જિલ્લા ભાજપ મંત્રી રેખાબેન માવદીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મયુરભાઈ માંજરીયા, નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, મુકુંદભાઈ મહેતા, વિજયભાઈ ચોટલીયા, ટાઉન પ્લાનિંગના ચેરમેન ચિરાગભાઈ ચાવડા, જિલ્લા યુવા ભાજપના મહામંત્રી મૌલિક ઉપાધ્યાય, તેમજ અમરેલી શહેર ભાજપના હોદ્દેદારો, નગર સેવકો, મંડળ મોરચાના હોદ્દેદારો, શકિત કેન્દ્રના સંયોજકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયાએ કરેલ હતું. આભાર વિધિ નગરસેવક સની ડાબસરાએ કરેલ હતી.






















**પ્રકરણ-૧૭૦**

**"યુ ઝીંદગી કે રાસ્તે સવારતે ચલે ગયે ..." "દિલ થામ ચલે હમ ......આજ કીધર .."**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૬૦ની ફિલ્મો માં આજે આપણે બે ફિલ્મો ની વાત કરીશું, જેમાં એક ગત અંકથી ક્રમશઃ ચાલી આવતી ફિલ્મ , જેમાં કોઈ સંદેશ નથી, માત્ર એક રોમાંટિક પ્રેમ કહાની છે, માત્ર એક મનોરંજન છે, જે આગળ જતાં હિન્દી સિનેમાની મોટા ભાગની ફિલ્મોમાં થઈ જશે , જયાં માત્ર મનોરંજન હશે, સમાજને લક્ષી કોઈ સમસ્યાની કોઈ વાત હશે નહીં , બીજી ફિલ્મ એ એક મહત્વ પૂર્ણ સંદેશ સાથે આવશે, જે એક સસ્પેન્સ થ્રીલર ફિલ્મ છે, અશોક કુમાર એટલે હિન્દી સિનેમાના એક એવા કલાકાર કે આજેપણ કોઈ અભિનેતા અભિનય કરતાં હોય તો દાદા મુનિ ની ઝલક તેમાં જોવા મળે, અશોક કુમારે હિન્દી સિનેમામાં બદલાવ લઈ આવવાના શરૂ કર્યા , જેમાં તેઓ સફળ થયા , હીરો ને ધોતીથી આઝાદી અપાવી, રેપ સોંગ આપ્યા, સસ્પેન્સ હોરર ફિલ્મ આપી, જે હિન્દી સિનેમામાં સૌ પ્રથમ વાર જોવા મળ્યું, અને તેમાં તેઓ સફળ થયા , અશોક કુમાર એટલે હિન્દી સિનેમાના એક એવા પાયાના પથ્થર જેના સહારે હિન્દી સિનેમા આજેપણ અડીખમ છે. તેમની ફિલ્મની વાત આગળ કરીશું તે પેહલા જોય મુખર્જી અને સાધનાની ફિલ્મની વાત




કરીયે.લવ ઈન શિમલા---નિર્માતા નિર્દેશક શશધર મુખર્જીના પુત્ર જોય મુખર્જી ની આ પ્રથમ ફિલ્મ છે, જોય અને આ ફિલ્મની અભિનેત્રી સાધના વિષે અગાઉ વાત થઈ ગઈ છે, સાધનાની પણ આ પ્રથમ ફિલ્મ છે, નવા કલાકારોને હિન્દી સિનેમામાં પ્રવેશ આપવા માટે, અને ખાસ કરી એક પેઢીના કલાકાર તેમના સંતાનોને માટે જે ફિલ્મ બનાવતા હતા , તે નવા કલાકારો એટ્લે કે નાયક અને નાયિકા પ્રથમ વાર રૂપેરી પરદે જોવા મળતા તે ૧૯૫૦ ના દસકથી શરૂ થયેલ પ્રણાલી આજે પણ અકબંધ છે, અને પ્રથમ ફિલ્મ મોટા ભાગે એક પ્રણય કથા જ નિરૂપણ કરવામાં આવતી હતી. આ ફિલ્મ ઈંગ્લિશ ફિલ્મ જે ૧૯૩૮ માં બની હતી 'જેને સ્ટેપ આઉટ' પરથી પ્રેરણા લઈ બનાવાઈ છે, આર કે નૈયરના નિર્દેશન અને શશધર મુખર્જીના નિર્માણ અને રાજેન્દ્ર કૃષ્ણા ના ગીતો , ઈકબાલ કુરેશીના સંગીત સાથે, જોય મુખર્જી, સાધના, અઝરા, કિશોર શાહુ, શોભના સમર્થ, દુર્ગા ખોટે, વિજયા લક્ષ્મી, રવિ ટંડનથી અભિનીત આ પ્રણય કથામાં બાર ગીતોનો સમાવેશ કરાયો હતો, જેને આશાજી, રફી સાહેબ, સુધા મલ્હોત્રા, સુમન કલ્યાણ પૂર, મુકેશ જી અને શમસાદ બેગમના સ્વરમાં છે. ફિલ્મના ગીતો તે સમયે પ્રચલિત થયા હતા. ફિલ્મની કથા ટૂંકમાં જોઈ તો સાધના તેના કાકા કાકી સાથે રહે છે, પણ ક્યારેક

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

અપમાનિત થતી રહે છે, તેની કાકાની દીકરી અઝરાને પસંદ કરવા જોય આવે છે, પણ રમત રમતમાં સાધના અને જોયને પ્રેમ થઈ જાય છે, સાધના તે પરિવારનો અહેશાન ચૂકવવા જોયને અઝરા સાથે લગ્નનું દબાણ કરે છે, અને તે બરફના તોફાનમાં જીવ આપવાનો પ્રયત્ન કરે છે, પણ જોય તેને બચાવી લે છે અને બે પ્રેમીઓ એક થાય છે, આ ફિલ્મ ૧૯૬૦ ની ફિલ્મોમાં દસમા નંબરની સફળ ફિલ્મ રહી હતી.કાનૂન - કોર્ટ કોઈપણ કેસનો ચુકાદો જે તે કેસના સાક્ષીઓને આધારે આપે છે, જો સાક્ષીઓ જુઠા હોય તો નિર્દોષને સજા થતી હોય છે, ૧૯૬૦ ના સમયમાં કોઈની હત્યામાં આરોપીને ફાંસીની સજા થતી હતી, પણ સાક્ષીઓ જો ખોટું બોલે તો નિર્દોષ વ્યકિતને ફાંસી એટ્લે કે મૃત્યુ મળીજતું હતું, અને આ ફિલ્મ દ્વારા એક સંદેશ આપવામાં આવ્યો છે કે, કોઈ પણ કેસમાં કોર્ટ સજા આપતા પેહલા વિચારે, અને હત્યાના કેસના આરોપીને ફાંસીની સજા રદ કરી, આજીવન કારાગારની સજા આપે, જેનો અમલ ત્યારબાદ ભારતીય દંડ સહિતામાં થયો. તે સમયે કોર્ટના ન્યાયાધીશની સાથે જે તે શહેર ના પ્રતિષ્ઠીત નાગરિકોને એક જુયુરીના સંદર્ભમાં બેસાડવામાં આવતા અને તે લોકો નિર્ણય લેતા કે આરોપીને કેવી સજા થવી જોઈએ, જે પાછળથી સુધારા થયા બાદ તે પ્રથા હાલ અમલમાં નથી. ફિલ્મમાં અશોક કુમારે એક પિતાનું પાત્ર ભજવ્યું છે, ૧૯૬૦ ,આ તેઓ ૪૯ વર્ષના હતા, અને ૧૯૩૬ થી હિન્દી સિનેમામાં સક્રિય છે. તેઓ અહી સંપૂર્ણ ફિલ્મમાં છવાયેલા રહે છે, સાથે રાજેન્દ્ર કુમારનો અભિનય દાદ માંગી લે છે. આ ફિલ્મમાં એક પણ ગીતનો સમાવેશ કરાયો નથી, હિન્દી સિનેમાની પ્રથમ ફિલ્મ છે, જેમાં ગીત નથી, તે સમયે ગીત વગરની ફિલ્મ બનાવવીએ એક જોખમ પૂર્ણ હતું, પણ અશોક કુમાર જયાં હોય ત્યાં નવીનતા હોય જ છે, જો કે ભારતમાં તે પેહલા તામિલમાં 'અંધા નાલ' ફિલ્મ બની હતી જેમાં કોઈ ગીત ના હતા . બી આર




ચોપરાના નિર્દેશન અને નિર્માણમાં, એમ એન મલ્હોત્રાની સિનેમા ઓટોગ્રાફી, અખ્તર ઉલ રેહમાનની કહાની અને પ્રેમ મહરાના એડિટિંગમાં સલિલ ચોધરીના સંગીત સાથે, અશોક કુમાર, રાજેન્દ્ર કુમાર, નંદા, મેહમુદ, ઓમ પ્રકાશ, મૂલચંદ, મનમોહન કૃષ્ણા, શશિકલા, શોભા ખોટે, ગોપી કૃષ્ણા, લીલા ચિટનીસ, જગદીશ રાજ ઈફતેખાર, જીવન અને નાના પલસીકરથી અભિનીત આ ફિલ્મ ૧૯૬૦ ની આઠમા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ હતી.

ફિલ્મની કથા ન્યાયમાં બદલાવ તથા ન્યાય આપવામાં થતાં અન્યાયની વાત લઈ આવી છે, ફિલ્મની શરૂઆતમાં જ જીવન એક એવા વ્યકિતની હત્યા કરે છે, જેની હત્યાના આરોપમાં તે ખોટા સાક્ષીઓથી સજા ભોગવી આવ્યો છે, આ વાત આગળ જતાં 'અંધા કાનૂન' માં અમિતાભ પર પણ ચિત્રિત થશે, કથા ટૂંકમાં જોઈએ તો અશોક એક જજ છે, અને રાજેન્દ્ર સરકારી વકીલ છે, જે અશોકની પુત્રી નંદાને ચાહે છે અને ટૂક સમયમાં તેઓ લગ્ન ગ્રંથિ થી જોડાવાના છે, અશોકનો પુત્ર મેહમુદ વ્યાજના ચક્કરમાં ફસાઈ જાય છે, અને ઓમ પ્રકાશને કોરા કાગળ પર સહી કરી દે છે, ઓમ એક લાલચી વ્યકિત છે, જે જીવને જેની હત્યા કરી છે તેની પત્ની શશિકલા ને તેને મળતી દેલત બાબતે બ્લેકમેલ કરી રહ્યો છે, મેહમુદ તેની બહેન નંદાને ઓમ પાસેથી કાગળ લાવી આપવા અથવા રૂપિયા સાત હજારની વ્યવસ્થા કરવા કહે છે, નંદા તેના પ્રેમી રાજેન્દ્રને કહે છે, રાજેન્દ્ર મોડી રાતે ઓમના ઘરે જાય છે, અને મેહમુદનો કાગળ તેને કાનૂનની બીક બતાવી મેળવી લે છે, પણ ત્યાં જ એક વ્યકિત ત્યાં આવે છે, રાજેન્દ્ર છુપાઈ જાય છે અને તે વ્યકિત એટ્લે કે અશોક ઓમની હત્યા કરી દે છે, પણ તે હત્યામાં સામાન્ય ચોર નાના પકડાઈ જાય છે, ન્યાય માટે રાજેન્દ્ર તેનો વકીલ બને છે, પણ તે નાનાને બચાવી શકતો નથી તો કોર્ટમાં અશોક પર આરોપ મૂકી દે છે, પણ અંતે ઈન્સ્પેકટર જગદીશ અશોકના બહરૂપિ અને શશિકલાને પકડી સત્ય જાહેર કરે છે, અશોક નિર્દોષ સાબિત થાય છે, અને રાજેન્દ્ર ની પ્રસંશા થાય છે.ફિલ્મ ના અંતિમ દ્રશ્યોમાં અશોક કુમાર કોર્ટના ફેસલાં પર પ્રશ્ન ઊભા કરે છે, કે જો તેની પુત્રી પણ જો ખોટી સાક્ષી આપી શકતી હોય, અને માત્ર એવા સાક્ષીઓ જે કોર્ટમાં ફરી જતાં હોય તેના સહારે કોર્ટ ચુકાદો આપે તો કોઈપણ નિર્દોષ વ્યકિતને ફાંસી સુધીની સજા થઈ સકતી હોય છે, ભારતની આ ન્યાય પ્રથામાં સુધારો જરૂરી છે, હત્યાના કેસમાં ફાંસીની સજાના બદલે આજીવન કારાગાર ની સજા યોગ્ય છે, આ ફિલ્મ ભારતના ન્યાય તંત્ર પર એક વિચાર કરતાં કરી દે છે, કે શું કોર્ટ માં થતાં ન્યાય ક્યારેક અન્યાય થઈ જતાં હોય છે ? આ ફિલ્મને આજે ૬૪ વર્ષ થઈ ગયા છે, છ્તા ભારતના ન્યાય તંત્ર હજુ વિવાદાસ્પદ જ રહ્યું છે, આજેપણ સામાન્ય માનવી ને ન્યાય મળતો નથી , અને ન્યાય મેળવવા માટે જે તે વ્યકિતતી આની પેઢીઓ બદલી જતી હોય છે, પણ કોર્ટમાં કેસના વધુ ભારણ કે જજ સાહેબ અને વકીલોને ના અપાતાં વધુ ભારણથી સામાન્ય માનવી ન્યાય માટે જૂરતો રહે છે, અને આર્થિક પાયમાલી તરફ ગતિ કરતો જોવા મળે છે, મારૂ કેહવું એવું નથી કે ભારતમાં સામાન્ય માનવીને ન્યાય મળતો નથી, મળે જ છે, પણ કયારેક એવા કિસ્સાઓમાં આ ફિલ્મમાં થતાં બનાવો અને સાક્ષીઓના ફેર બદલથી ન્યાયને બદલે અન્યાય થઈ જતો હોય છે. આજે અમુક ધનિક લોકો અને રાજકીય પીઠબળ ધરાવતા લોકો સરેઆમ કેહતા ફરે છે કે કાયદો એ અમારી મૂઠીમાં હોય છે, અને સામાન્ય માનવી ન્યાયની અપેક્ષા પણ રાખી શકતો હોતો નથી. આગામી અંકમાં ગુરૂદતની સફળ ફિલ્મ સાથે મળીશું આભાર

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ-૮


**કસરતો :** વજન વધવાના બે મુખ્ય કારણ છે. વધુ પડતો ખોરાક અને અપુરતી કસરતો, એટલે જેટલું જરૂરી ખોરાક પર કાબુ રાખવાનું છે એટલું જ જરૂરી કસરત કરવાનું છે. આમ પણ જાડા માણસો શારીરિક રીતે નિષ્ક્રિય હોય છે. કસરતથી વધારાની કેલરી તેઓ વાપરી શકે. રોજ ૨૦૦ - ૩૦૦ કેલરી વપરાય એટલી કસરત કરવી જોઈએ.

આપણે કોઈ પ્રવૃતિ કર્યા વગર શાંતિથી ઉંઘતા હોઈએ ત્યારે પણ શરીરનું કારખાનું તો ચાલુ જ હોય છે અને આઠ કલાકની ઊંઘ દરમ્યાન આશરે ૪૦૦-૫૦૦ કિ.કેલરીનો વપરાશ થાય છે. આ ઉપરાંત ઘરે ઉઠ-બેસ,તૈયાર થવા વગેરે જેવા ખાસ કામ વગરના તબક્કામાં આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ કિ.કેલરી વપરાય છે અને બાકીના ૮ કલાક (કામના કલાકો) દરમ્યાન કામના પ્રકારના આધારે શક્તિ વપરાય છે. એક સરેરાશ માણસ બેઠાડુ કામ પાછળ ૮ કલાકમાં ૧૦૦૦ થી ૧૨૦૦ કિ.કેલરી ખર્ચે છે. આમ, ૨૪ કલાક દરમ્યાન એક બેઠાડું માણસ ૨૦૦૦ થી ૨૪૦૦ કિ.કેલરી જેટલી શક્તિ વાપરે છે. જે લોકો કસરત માટે અલગ થી સમય નથી ફાળવી શકા તેના માટે એક અનુભુત પ્રયોગ કહું છું તમે તમારી રોજ ની દિનચર્યા માં થોડો ફેરફાર કરી વધારાની કેલરી બાળી શકો છો, જેમાં સવારે ઉઠી બ્રશ - દાંતણ ચાલતા - ચાલતા કરો, સવારે નાસ્તો કરી, બપોરે જમી અને સાંજે જમ્યા બાદ તમારી થાળી ઉભા થઈ બહાર મુકવાની ટેવ પાડો, પાણી જાતે ઉભા થઈ પી લો, કોઈ પાસે મંગાવો નહી અને જયારે મોબાઈલમાં વાત કરો ત્યારે - ત્યારે ચાલતા - ચાલતા વાત કરવાની ટેવ પાડો, આટલુ કરવાથી કોઈ વધારાનો સમય આપ્યા વગર તમે ૪૦૦ - ૫૦૦ કિ.કેલરી રોજની વધારાની વાપરી શકશો.

હકીકતમાં માત્ર કસરત કરવાથી વજનમાં કોઈ મોટો ફરક નહી પડી જાય પણ કસરત સાથે ખોરાકમાં સંયમ ચાલુ હોય તો વજન ઉતારવામાં ઘણી મદદ મળે છે. જો દશ કિલો વજન કસરત વગર ઘટાડયુ હોય તો માત્ર સાત કિલો જ ચરબી ઘટે છે, પરંતુ કસરત કરીને દશ કિલો વજન ઘટાડયુ હોય તો આશરે સાડા આઠ કિલો ચરબી ઘટી શકે છે.દરેક જાડા માણસે નિયમિત કસરત કરતા રહેવું જોઈએ અને કસરત ઉપરાંત દિવસ દરમ્યાન શારીરિક શ્રમ પડે એવું કામ કરતા રહેવું જોઈએ.

**બિહેવીયર થેરપી :** ખોરાકની વસ્તુઓમા ફેરફાર કરવાની સાથો સાથ જ ખોરાક ખાવાની કેટલીક ટેવો પણ મેદવૃધ્ધિના દર્દીએ બદલવી જોઈએ. ઘણા દર્દીઓમાં ખોરાકના સ્વાદ, સોડમ, દેખાવ, કંપની વગેરે પર ખાવાનો જથ્થો વધુ આધાર રાખે છે (નહી કે સાચી ભુખ પર) એટલે જો વજન ઘટાડવામાં સફળ થવું હોય તો દર્દીએ પોતાની અમુક ખાધ્ય સબંધી ટેવોને ઝડમુળમાંથી બદલવાની જરૂર પડે. કેટલાક દર્દીઓ ઘરને બદલે રેસ્ટોરન્ટમાં વધુ પડતું ખાવાની ટેવ ધરાવતા હોય છે. કેટલાક એકલા એકલા વધુ પડતું ખાઈ લે છે તો વળી કેટલાક જો યોગ્ય કંપની મળી જાય તો ખાવામાં કોઈને ગાંઠતા નથી. કેટલાક દર્દીને ટીવીનો પ્રોગ્રામ જેટલો વધુ કંટાળા જનક હોય એટલો વધારે ખોરાક આવા દર્દી પેટમાં પધરાવે છે. અમુક દર્દી ડિપ્રેશનના તબકકામાં વધારે ખાય છે તો અમુક ચિંતાગ્રસ્ત હોય ત્યારે !

## વજન ઘટાડવા શું કરવું



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

દરેક દર્દીએ પોતાની ખાવા સબંધી ટેવોનું ખાસ કાગળ-પેન લઈને વિશ્લેષણ કરવું જોઈએ અને જે ટેવ વધુ પડતા ખોરાક સાથે સંકળાયેલ હોય તેને દુર કરવાનો નુસખો વિચારવો જોઈએ. દા.ત.ડિપ્રેશન જેવું લાગતુ હોય તો વધુ પડતું ખાવાને બદલે ખુલ્લામાં ફરવા નીકળી શકાય.જો એકવાર આવી નાની ટેવ પડી જાય તો પછી વજન ઘટાડવું એ રમત વાત છે.

**દવા - ગોળીઓ અને પાવડરના ડબ્બાઓ :** મોટાભાગના મેદવૃધ્ધિ દર્દીઓને ખોરાકમાં કાપ મુકવાની કે કસરત કરવાની વાત કરીએ એટલે નાકનું ટેરવું ચડી જાય એ લોકો માટે આ બંને પ્રક્રિયા અણગમતી અને મુશ્કેલ છે. એટલે હંમેશા આ દર્દીઓ વજન ઘટાડવાનો શોર્ટકટ શોધવાની ફિરાકમાં હોય છે. વજન ઘટાડવા માટે જાતજાતની દવાઓ ધડાકાબંધ જાહેરાત સાથે બજારમાં અને સોશીયલ મીડીયામાં આવે છે પણ થોડા વખતમાં ખબર પડે છે કે આ દવાથી લાંબેગાળે વજનમાં કોઈ ફરક પડતો નથી એને બદલે દવાથી ગંભીર આડ અસરો થઈ શકે છે. દવાની ગોળી કયાંક બંદુકની ગોળી ન બની જાય !

મોટા ભાગની દવાઓ મગજના હાઈપોથેલેમસ વિસ્તાર પર અસર કરે છે ને ત્યા આવેલા ભુખના કેંદ્ર પર એવો ફેરફાર કરે છે કે ભુખ જ મરી જાય. આને લીધે દર્દીનો ખોરાક અને વજન ઘટે છે. પણ આ દવાઓની સૌથી મોટી સમસ્યા એ છે કે એમાંની કેટલીક દવાઓનું વ્યસન થઈ જાય છે. વળી, મગજના અન્ય વિસ્તારો પર થતી અસરોને કારણે દર્દીની ઊંઘની સમસ્યાઓ અને માનસિક રોગો (ડિપ્રેશન, ચિંતા વગેરે) થવાની શકયાતાઓ રહેલી છે

થોડા દિવસ પહેલા જ મારી પાસે આવેલ એક દર્દીની વાત કરીએ તો ગીતાબેન(દર્દીનું નામ બદલાવેલ છે) કરીને ૪૫ વર્ષની ઉંમરના બેન મારી પાસે, તેમના પતી સાથે દવા લેવા આવ્યા હતા, ગીતાબેનની ફરીયાદ હતી કે કાંઈ પણ ખાઈ તરત ઉલટી જ થઈ જાય છે, આખો દિવસ ઉબકા આવ્યા કરે, અને પાણી સિવાય કાંઈ ટકતુ નથી, મે ગીતાબેનને બરાબર તપાસ્યા, આંખો ઊંડી ઉતરી ગયેલ, ચહેરો સાવ નિસ્તેજ થઈ ગયેલ અને ડીપ્રેશ ફેસ હોય તેવા થઈ ગયા હતા, તેમના પતી એ મને બે મોટી ફાઈલ બતાવી તેમા લીવર, કીડની અને પેટના તમામ રીપોટર્સ હતા અને બધા જ રીપોટર્સ સાવ નોર્મલ હતા, બધા ડોકટરોએ એક જ નિદાન કરેલ કે ગીતાબેનની પાચનશક્તી મંદ થઈ ગયેલ છે અને ગિતાબેનને માનસિક તકલીફ છે, કારણ કે ઉલ્ટી થઈ જાય એવું દેખીતુ કોઈ કારણ રીપોટર્સમાં હતુ નહી, મે પણ પ્રાથમીક ધોરણે આવું જ નિદાન કર્યુ, પછી બીજા દિવસે સવારે વહેલા ખાલી પેટે આવવા કહ્યુ, મોટાભાગના દર્દીમાં જયારે રોગ લાંબો સમય સુધી ચાલુ રહે અને દેખીતું કોઈ કારણ ન હોય તેવા દર્દી ને ડોકટરે એકદમ શાંત અને સ્વસ્થ ચિતે તપાસવા જોઈએ ,એટલે જયારે આવો કોઈ કેસ આવે ત્યારે હંમેશા હું દર્દીને વહેલી સવારે ખાલી પેટે અને જયારે મારૂ ચિત એકદમ સ્વસ્થ હોય ત્યારે બોલાવું છુ.

બીજા દિવસે સવારે ફરીથી મેં બેન ને તપાસ્યા, અને અગાઉ કોઈ દવાઓ લાંબો સમય લીધી છે કે નહી તે પુછયું, બેન કહે ના સાહેબ અગાઉ હું કયારેય બીમાર જ નથી પડી એટલે દવાનો પ્રશ્ન જ નથી, હા વજન ઘટાડવા ત્રણેક મહીના દેશી દવા લીધી હતી, મે કહ્યુ એ ડોકટરના કાગળ અને દવા બતાવો, બેન કહે સાહેબ દવાતો નથી પણ ઈ સાહેબના કાગળ છે, મે કાગળ જોયા એમાં ડોકટર સાહેબની ડીગ્રી એન.ડી.એન.એમ. એવી હતી ! મેં બેન ને કહ્યુ કે આ સાહેબે શું દવા આપી હતી ? બેન કહે મને અને જેટલા એમની પાસે વજન ઘટાડવાની દવા લેવા આવતા હતા એ બધા ને એ પાવડર ના ડબ્બા આપતા હતા, મે પુછયુ કે આ દવાથી વજન પહેલા કરતા ઘટયુ તું ? બેન કહે સાહેબ શરૂઆત માં વજન થોડું ઘટયુ, પછી ધીરે ધીરે ભુખ ખુબ ઓછી થવા લાગી અને બે મહીના પછી, ભુખ લાગવાનું સાવ બંધ થઈ ગયુ. ગીતાબેનની તકલીફ મને બરાબર સમજાઈ ગઈ હતી, પહેલી વાત તો આયુર્વેદમાં આવી એન.ડી.એન.એમ.એવી કોઈ ડીગ્રી નથી હોતી, અને એ ઉઘાડપગા ડોકટરે ગીતાબેનને આયુર્વેદ દવાના નામે વેચાતા પાવડરના ડબ્બા ખવરાવ્યા છે જેને લીધે બેનના પાચક રસો (ડાયજેસ્ટીવ એન્જાઈમ્સ) નો સ્ત્રાવ બંધ થઈ ગયો છે અને જમવાનું ન પચવાને કારણે ઉલ્ટી થઈ જાય છે.

**મર્મ સ્થાન :** જયારે પણ વજન ઘટાડવા માટે ની દવા લેવા જાવ ત્યારે એ વાત નિશ્ચિત કરજો કે જે ડોકટર પાસે જઈએ છીએ એ પ્રોપર ડીગ્રી વાળા છે કે નહી ? અને તમે જે આયુર્વેદ દવા (હર્બલ)ના નામે લો છો તે આયુર્વેદ દવા છે કે નહી ?

# સ્ટેટસક્વી બજેટ : અમર આશા

ભારતના નાણામંત્રી નિર્મલાજીએ સરકારનું વચગાળાનું બજેટ રજૂ કર્યુ. બજેટમાં તેઓએ ખૂબ જ ટૂંકી સ્પીચ આપી કારણ કે લાંબુ બોલવા જેવું કશું હતું નહીં! તેમણે યથાસ્થિતિ જાળવી હોવાના કારણે બહુ વધુ પડતું વિવરણ ન કર્યુ. પરંતુ તેમ છતાં એવું કહી શકાય કે બજેટ એ ગત વર્ષનો સ્ટેટસક્વો છે જ, જેમાં કોઈ ખાસ મોટો બદલાવ નથી પરંતુ જે કેટલાંક બદલાવો દેખાઈ રહ્યા છે. તેમાં ભારતને વિકસિત કરવાની યોજનાઓ તો છે પરંતુ કયા ક્ષેત્રમાં અને કોનો વિકાસ કરવો છે એ સ્પષ્ટ થતું નથી..!

ભારતના બજેટની કુલ રકમ ૪૪.૯૦ લાખ કરોડ છે. તેમાંથી ૩૦.૦૩ લાખ કરોડ રેવન્યુ આવક દર્શાવવામાં આવી છે. એટલે કે તે બજેટમાં અંદાજિત ૧૪ લાખ કરોડ ખાદ્ય બતાવે છે. જોકે સરકાર તે ખાદ્યના અલગ અલગ રીતે પૂર્તી કરી શકે છે એ વાત જુદી છે.પરંતુ અહીં વાત મહત્વની એ છે કે જે સામાન્ય લોકોને સ્પર્શે છે અને લગભગ ૨.૫ લાખની આવક ધરાવતા તમામ લોકોને ઈન્કમટેકસના દાયરામાં લઈ લેવામાં આવ્યાં છે તેમાંથી તેને થોડી રાહત આપવાની જરૂર હતી, જે થઈ શક્યું નથી. સરકારની કુલ રેવન્યુમાંથી લગભગ ૩૦ ટકાથી વધુ રેવન્યુ એ ઈન્કમટેક્સ આપે છે. તેને કદાચ સરકાર જતી કરવા માગતી નથી. એટલે કે ૧૧.૫૬ લાખ કરોડ રૂપિયા આવકવેરામાંથી ભારત સરકારને મળે છે. તેથી તે આવકને ઘટાડવાની કદાચ સરકારને પરવડે તેવું નહીં હોય માટે તેને યથાસ્થિતિ જાળવી રાખી છે.

સરકાર જે રીતે સ્માર્ટ સિટીનો પ્રોજેકટ લઈને આવી છે. શહેરી વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસો અને બીજી માળખાગત સગવડતાઓ જે રીતે વધી રહી છે તેને ધ્યાનમાં રાખીને આપણે શહેરીકરણનો વ્યાપ વધારવા તરફ આગળ વધી રહ્યા છીએ. તેનાથી પ્રશ્નો વધુ જટિલ બનવાની સંભાવના છે. પરંતુ આ બજેટમાં ખેડૂતો,ગામડું વગેરે માટે કોઈ ખાસ યોજના જાહેર કરવામાં આવી નથી. સ્વ સહાય જૂથોને વધુ મજબૂત કરીને મહિલાઓને લખપતિ બનાવવાના સોનેરી સ્વપ્નાઓ જરૂર બતાવવામાં



આવ્યા છે. તો બીજી તરફ મહિલાઓને ૩૦૦ યુનિટ મહિને વીજળી ફ્રી આપીને સોલાર પેનલ લગાવવાની ઈચ્છા શકિત વ્યકત કરવામાં આવી છે. આ બધી ઈચ્છા શકિતને મુર્તરૂપ આપી શકાય તો થોડા અંશે આપણે રાહત અનુભવાશે. પણ આપણે એ ન ભુલવું જોઈએ કે આજે પણ ભારતનો ૬૦ ટકા ભાગ ગામડાં, ખેડૂત અને ખેત મજૂરી સાથે જોડાયેલો છે. તેના સાર્વત્રિક વિકાસ માટેની યોજનાઓ અને તેના ખર્ચ અને આયોજનની વાત વિસારે ન પડે તે પણ એટલું જ જરૂરી છે. બજેટમાં મુકાયેલી રેલવે કોરિડોરની વાત આવકાર્ય છે જેમાં ત્રણ કોરીડોર એક સિમેન્ટ કોલસાના પરિવહન માટે, બીજું કોરિડોર બંદરોને જોડવા માટે અને ત્રીજો કોરીડોર જયાં વધુમાં વધુ મુસાફર જનતા અવરજવર કરે છે તે માટેનો હશે. માળખાગત વ્યવસ્થામાં આ નિર્ણય આવકાર્ય છે.

બજેટમાં દેખાતો એક બહુ મોટો ફેરફાર એ માળખાગત સગવડતાઓમાં ભરપૂર વધારો કરવાનો છે.આ બજેટ ચાર લાખ કરોડથી વધારીને ૧૧લાખ કરોડ કરવામાં આવ્યું છે. એટલે કે તેમાં ત્રણ ગણો વધારો એ ભારતની સુરતને બદલવા માટે ઘણો બધો મહત્વનો સાબિત થશે. આશા રાખીએ કે આ બદલાવ એ સાર્વત્રિક હોય અને જયાં જરૂરિયાત છે તેને વધુ પ્રાધાન્ય મળતું હોય..!

પણ કોઈ વિશેષ બદલાવ વગર અને ચૂંટણીના દબાણમાં આવ્યા વગર રજૂ થયેલાં બજેટ માટે સરકારને અભિનંદન પણ આપવા જોઈએ કે તેમણે લોભામણી કોઈ વાત ન કરીને માત્ર વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો.

# ઉચ્ચતમથી સહેજ નીચે હુ રહીશ ટોચ પર પહોંચી ગડગડવું નથી

ફિલ્મ અભિનેતા અનુપમખેરે પોતાના એક ટીવી ઈન્ટરવ્યુમાં અમિતાભ બચ્ચન પાંચેથી તેમને જાણવા અને શીખવા મળેલ એક વાત ખુબ હૃદયપુર્વક રજુ કરેલી છે. અનુપમ ખેર પોતાનાં અનુભવને શેર કરતા કહે છે કે 'આખરી રાસ્તા' પીકચરનું શુટીંગ ચાલુ હતું. હું ત્યારે ઈન્ડરસ્ટ્રીઝમાં હજુ સ્ટ્રુગલ કરતો હતો. સેટ ઉપર ખુબ જ ગરમી હતી. એ.સી.ની વ્યવસ્થા ન હોવાથી હું સપોર્ટીંગ સ્ટાફ ઉપર ખુબ જ ગુસ્સે થઈ ગયો. સૌની ખબર લઈ નાખી. એવામાં મારૂ ધ્યાન એક ખુણામાં બેસીને શાંતિથી પુસ્તક વાંચી રહેલા બચ્ચન સાહેબ ઉપર ગયું. પીકચરમાં તેમણે પહેરેલા જ ગેટ અપમાં ડ્રેસમાં તેઓ સજજ હતા. મોટી દાઢી, ગરમ કપડાના જાડો કોટ, એટલી ગરમીમાં પણ તેઓ એકદમ સ્વસ્થ દેખાતા હતાં. મેં તેમની બાજુમાં જઈને પુછયું કે : બચ્ચનજી આપને ગરમી નથી લાગતી ? ત્યારે અભિતાભ બચ્ચને મારી સામે જોયું પછી તેમનાં અંદાજ મુજબ હળવેથી હસીને જવાબ આપ્યો કે : 'જો અનુપમ એવું માની લઉ કે બહુ જ ગરમી છે. તો ગરમી લાગે છે, અને જો માનું કે ગરમી નથી. તો નથી લાતી !! ' મને તેનો આ એક જ નાનકડો જવાબ ઘણું શીખવી ગયો''

એક મહાન માણસ ખરેખર કેવી રીતે મહાન બનતો હોય છે.તેનો ઘણો બધો સાર અભિતામ બચ્ચનનાં એક નાનકડા જવાબમાંથી મળી જાય છે. ચિદ્ધિઓ અને અપાર સફળતાનાં શિખરે



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી

એમ જ નથી બેસી જવાતું કે પહોંચી જવાતું તેના માટે અનેક રીતે ઘડાવું, રગદોડવું પડે છે. અનેક સમાધાનોને અપનાવવા સ્વીકારવા પડે છે !! પોતાનાં તરફથી ૧૦૦% ઉપરનું પ્રદાન આપવા સદાય તલપાપડ, તત્પર રહેવું પડે છે. કાયમ સાતત્ય જાળવતું રહેવું પડે છે.! સ્વયં શિસ્ત, સમયપાલન, અને સંઘર્ષના માર્ગ કાયમ ચાલવું પડે છે !! રોહન ગાવસ્કર, અભિષેક બચ્ચન, અર્જુન તેંડૂલકર આ બધા જ મોટા નામ છે. તેમનાંમાં પણ અપાર ટેલેન્ટ અને કાર્યકુશળતા, ક્ષમતા છે. ખુબ જ સારા માણસો પણ છે. છતાં તેઓ એક તેજ હેઠળ આરા હેઠળ ઢંકાઈ ગયા તેની પાછળ તેમનાં દરેકનાં પિતાની વિશાળ વિરાટ અને ઝળહળતી બ્રાન્ડ ઈમેજ છે. જેને ઓળગવું તેમનાં સંતાનો માટે પણ કપરૂ બની જતું હોય છે !! ટોચ ઉપર પહોંચવું હજુ સહેલું છે. પણ ત્યાં ટકી રહેવું ખુબ જ અઘરૂ છે. ત્યાં ટકી રહેવા માટે તો વ્યકિતએ ઘણાં ભોગ આપવો પડે છે.**નવનીત : કુવામાંથી નીકળવા માટે દોરડાની જરૂર પડે છે. પડવા માટે નહિ !!**

ગાવા કહો તો હું તો તૈયાર છું કારણ ત્યારે એ કૃષ્ણ રૂપે થયા અને છતાં પણ તમને આટલે બધે રામને વિરોધ હોય તો તમારૂં નામ રામ છે માટે સુવું છે ? નામ તમે કેમ લઈ ગયા ? આ રીતે ગમે તેટલું તેમને કોઈ કહે છતાં જીવનના અંતિમ સમય સુધી તેઓ એકના બે ન થયા.

રઘુનાથજીએ સ્વમુખે કહેલા શબ્દો, 'શંકર પ્રિય મમ દ્રોહી, શિવ દ્રોહી મમ દાસ....

આ રીતને દ્રોહ જોઈ બહુ દુ:ખ થયું. મારુ ઈષ્ટદેવુ શ્રી રામ અને રામજી પિતાના ઈટદેવ શિવજીને માને છે. તેમના પ્રત્યે કોઈ જીવનો આટલો કુભાવ કેમ સહી શકાય ? કારણ,

'શિવપદ કમલ જિનહિ રતિ નાહીં, રામહિં તે સપનેહું ન સૌહાહી

બિનુ છલ વિશ્નાથ પદ નેહૂ રામ ભકતકર લક્ષણ એહ

ગુપ્તા ભરેલું તેમનું સન્માન સ્વીકારી બપોરે હું નીકળી ગઈ ભગવાનના કહ્યા પ્રમાણે એક દિવસ વહેલી રાજકોટ પહોંચી. ભગવાન સીધા પોપટપરા પધારવાતા હતાં તેથી ત્યાં દર્શને ગયેલી. પરંતુ અતિશય ભીડના કારણે દર્શન માટે પ્રયત્ન કરતા દર્શન ન થવાથી હીરાભાઈના ઘરમાં જતી રહેલી. ભગવાન અંદર

# રામ લખનસિયરૂય રૂપ નિહારી, શોચસનેહવિકલ નરનારી


પધાર્યા. બહુ થોડા જણ અંદર હતા. દરવાજા બંધ કરી દીધા. શાંતિથી દર્શન થયા, મને પૂછયું, 'તુમ કબ આઈ? પછી અંદર રૂમમાં બોલાવી પૂછ્યું, તુમારે પાસ કુછ હૈ કયા ? મુઝે ભુખ લગી હૈ'' યોગાતુયોગ તે વખતે મારા બટવામાં એક પ્લાસ્ટીક – મુઝે ભૂખ લગી હૈ યોગાનુયોગ તે વખતે મારા બટવારમાં એક પ્લાસ્ટીકની થેલીમાં થોડા ખારા પિસ્તા હતા. જો કે મને ત્યારે વિચાર આવેલો કે મેં આ પિસ્તા ભગવાન માટે લીધા તો છે પરંતુ મને કયારે એવો મોકો મળે કે હું ભગવાનને આપી શકું! આજે જાણે મારા મારા ભાવને કારણે આ રીતે કંઈ ખાવા માંગ્યું. હુ પિસ્તા આપતી ગઈ. પ્રેમથી ખાધા અને પુછયુ, 'તુમ્હારા સામાન કહાં ? 'એક બહેનેને ત્યાં રાખેલ તે જણાવતાં કહયું, 'તુમ સામાન લેકર સીધી આશ્રમ પહુચો, વહાંસે તુમ્હે મેરે સાથ ગાડી મે ચલનેકા હૈ.'

આશ્રમથી રાત્રે ભગવાન સાથે સુરેન્દ્રનગર જવા રવાના થયા. ત્યાં રાત રોકાયા બીજા દિવસે ટ્રેન દ્વારા ત્યાંથી મુંબઈ જવા નીકળ્યા.

રાસ રજાયસુ શીશ ધરિ, ભવન ગવન તેહિ કીન્હ ।

મુંબઈ સ્ટેશન પર પર ઘણું ભાવિકજને દર્શને આવેલા. તેમાં મનહર – ભાઈના બહેન લલિતાબહેન પણ હતા. મને કહ્યું. રમા તુમ લહિતા કે ઘર રહના. તે વખતે મહુરભાઈ ભાભી વિગેરે રાજકોટથી વળી ગયેલા તેથી હું લલિતાબહેનને ત્યાં

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી. જોષી

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)

સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી (અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

ભગવાનના ના આદેશ પ્રમાણે રહી. ભગવાન એક બે દિવસ સાયનમાં જ હતા. ત્યા ત્યાર બાદ ચર્ચગેટ રામમહાલમાં પધારેલા. લલિતા બહેન સાથે દર્શને જતી આવતી. તેમની વિનંતીથી ભગવાન તેમના ઘેર પધારેલા. થોડા દિવસ બાદ યાદ ભગવાન મહાબળેશ્વર પધાર્યા અને હું આદેશ અનુસાર જયપુર ગઈ.

(૫૯)

કરહુ કૃપા પ્રભુ હોહુ સહાઈ

મહાબળેશ્વરથી ભગવાનનું પિસ્ટકાર્ડ આવ્યું.

રમા, તુમ સકુશલ પહુંચ ગઈ હોગી.

મૈં તુમસે બિદા લેકર ૧૦૬ બજે મહાબલેશ્વર પહુંચા, માર્ગ કે શ્રમ કે કારણ બુખાર આ ગયા થા. અબ અચ્છા

હે ચિન્તા ન કરના મેં ૧૫ દિન કહરૂંગા. બાદ અનંતપુર હોકર રાંચી જાઉંગા રાંચી ઠહેરૂંગા કુછ રોજ.

રમા તુમકો રાજકોટ બમ્બઈ મેં બહુત અવ્યવસ્થાકે કારણ બહોત કષ્ટ હુઆ પર મેં કયા કરતા.પત્ર દેના સબકો આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

મેં પત્ર લખેલ તેના જવાબમાં ચાર દિવસ બાદ બીજે પત્ર આવ્યો.

॥ શ્રી રામચંદ્રાય નમઃ ॥

મહાબલેશ્વર તા. ૨૬–૫–૬૫

પ્રિય રમા,

મેરા પત્ર મિલા હૈગા તુમ્હારા પત્ર મિલા બહુત સંતોષ હુઆ. રામલખનસિયરૂપ નિહારી, પાય નયનફળ હોહિં સુખારી ।

સ્વાસ્થ પહેલ જેસા હો હે પર ચિન્તા કરના નહી. તા.૬ કો પ્રાત:કાલ ઈહાંસે જાનેકા વિચાર કરતા હું જહાં જાઉગા પત્ર ડુંગા. એક બાત લિખું બુરા ન માનના સચ તુમ બડી સહનશીલ હો.

રણછોડદાસકા આસીસ

તારીખ : ૧૬/૬/૬૫ નો બીજો પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

બાંદા

તા.૧૬/૬/૬૫

રમા, સાદર આશીરવાદ,

તુમારા પત્ર મિલા. સ્વાસ્થ ઠીક નહીં. ઉલ્ટી બહુત હોતી હૈ રોજ દો કયા કરના ? યાદ આતી હૈ યા નહીં યહ અપને મનસે પૂછો કયા લિખું ?

મેં રાંચી તા. ૧૯–૨૦ કો પહુચૂંગા. વહાં ૧૫–૨૦ દિન ઠહરકર વિલાસપુર જાનેકા વિચાર હૈ. ધીરજ રખના બાલક સમાલના પડતા હૈ ? અચ્છા જી 'પ્રમોદ આનંદમેં હૈ મજા હૈ કમ્પની હૈ. સબકો આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

નાનો ભાઈ પ્રમોદ ભગવાનના દર્શને મહાબળેશ્વર ગયેલો. ત્યાંથી ભગવાને તેને પોતાની સાથે જ લીધેલો. મેં તેની સાથે ભગવાન પર એક પત્ર મોકલાવેલ.

તા.૧૮–૬ નો લખેલ ખષ્ટીયાથી પ્રમોદનો પત્ર આવ્યો તે જ પત્રમાં આગળ ભગવાને લખેલું,

રામહિ દ્રેશિ એક અનુરાગે, ચિતવત ચલે જાત સંગ લોગે ।

'જે હરિ કરશે તે મમ હિતનો યહ' વાકય જીવનમેં ઉતરે તો બસ. રમાકો સબ ભાઈ ઓકે માંકો વ કાન્તાકો આસીસ કહના.

રમા સાદર આસીસ,

પુરૂષ પરખિયે સમય સુહાયે'

હરિ મમ રક્ષક જયાદા કયા ? બસ

રમા સેવાહી ઈચ્છા બલવતી બનાઓ. ભજન બરાબર કરો ઔર મન લગાએં.

રણછોડદાસકા આસીસ

આ પત્રમાં લખાયેલા ભગવાનના આ બંને માર્મિક વાકયો અત્યારે તો ન સમજાયા પરંતુ સમય પર તે યથાર્થ અનુભવાયા.

થેંડા દિવસે બાદ ફરી તા. ૨૨/૬/૬૫નો લખેલ ભગવાનને મળે.

તુમારા ૧૬ પેજકા પત્ર આજ મોટરમેં પ્રમોદને દિયા બાંચા વિચારા ખૂબ વિચારા, મેરે સાથ ન રહનેકે કારણ અસહ્ય વેદનાકા તુમ અનુભવ કરતી હો. યડુ મેરેસે છિપા નહીં હૈ એર ન મેરેસે દૂર રહના ચાહતી હો યહ સત્ય હૈ.

તુમને લિખા હૈ ઉસકા સાર સમજકર બહુત દુ:ખ હોતા હૈ પ્રથમ સાથ ન રહેને સે જો વેદના હોતી હૈ ઉસકે પરિણામ વિકલ્પ.

તુમ ખૂબ સોચો કેવલ અન્ય વિકલ્પ યા કોઈ (ઉદાહરણ)કો માધ્યમ બનાકર ને સોચના.

મેરા જીવન બાલ્યકાલસે અસ્થાઈ ભ્રમણશીલ રહા હૈ

સ્થાઈ રહને વિના તુમકો સાથે રહના યા રખના કિતના જોખમ ભરા હૈ તુમ વિચાર કરો.

તાદઃ આસીસ

યદિ તુમ ઔરો કે જેસા હઠ કર રહના પસંદ કરો તો મુઝે કેવલ ચિન્તા કે ગર્તમેં ડાલના હૈ જેસા કિ અભી ચલ રહા હૈ તુમ જાનતી ( ક્રમશઃ)

---

## ૪ ફેબ્રુઆરી, ''વિશ્વ કેન્સર દિવસ''

# 'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં.




વિશ્વભરમાં વિશ્વ કેન્સરદિવસ (World cancer Day) દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. કેન્સરને અટકાવવા અને તેના વિશે જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ્યથી વર્ષ ૧૯૩૩માં વિ કેન્સર દિવસ ની ઉજવણી શરૂ થઈ હતી. સેપ્રથમ વિ કેન્સર દિવસ વર્ષ ૧૯૩૩માં યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (યુઆઈસીસી) દ્વારા સ્વિટ્ઝર્લેન્ડનાં જિનીવા ખાતે ઉજવવામાં આવ્યો હતો.

કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળે છે જેના કારણે ત્યાં 'કેન્સર ટ્રેન' પણ ચલાવવામાં આવે છે. આ પાછળ નું કારણ જમીન અને પાણીનું સતત થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંક ફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શકયતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યકિને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે 'પંચગવ્ય ચિકિત્સા'ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટયાનાં ઘણા દાખલા છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. 'આયુર્વેદ' ભારતની સંસ્કૃતિ છે. ચરક ઋષિનું 'ચરક સંહિતા' અને સુશ્રુત ઋષિનું 'સુશ્રુત સંહિતા' ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે.

કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે.

'કેન્સર' એટલે 'કેન્સલ' નહી.

– મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**યાત્રા પ્રેમથી પરમાત્મા સુધી**

મૃત્યુ ધીમા...ચોક્કસ ડગલા ભરતું, જો આવે તો બહારની દુનિયા સાથેનાં સંબંધો તૂટવા લાગે છે. છાપુ નહિ, ટી.વી. સીરીયલ નહિ. રસ પાતળો આછો થતો જતો લાગે છે. ભૂતકાળની જિંદગી પડદા પાછળ ભજવાતી સરતી જાય... વિચાર આવે જિંદગી એટલે શું ? સ્વજનો, મિત્રો, પોતાનાં માટેનો પ્રેમ... લાગણી પ્રદર્શિત કરી શકાય બોલી શકાય અનુભવી શકાય. આ બધા કોઈ ન હો યતો ? જિંદગી અર્થવગરની શૂન્ય બની જાય. વાંચકો માટે સંદેશ છે કે, આપણી આસપાસ બધા ઘેરાયેલાં રહે તો સમજવું કે, આપી યાત્રા પ્રેમથી પરમાત્મા સુધીની રહી છે. સત્ય, પ્રેમ, કરૂણાનો મંત્ર જીવનમાં સાક્ષાત્કાર કર્યો છે.

એક બીજાને સમજો. ધીરજ ધારણ કરી સૌને ચાહો દયાળુ બનો. આપણી જાતને ભરપુર પ્રેમ કરો. સંભાળ લો, મદદરૂપ બનો. મૃત્યુ પહેલા સૌને માફ કરો. માણસ માત્ર ભૂલને પાત્ર. અહંકારનો ત્યાગ કરી ક્ષમા આપો. અભિમાન, દેખાડાથી કોઈ ફાયદો નથી. સુલેહ અને શાંતિ માટે પછી સમય મળે ન મળે. આજની ઘડી રળીયામણી લાગણી દુભાય હોય કોઈનું કામ થઈ શકયું ન હોય સંબંધ વિચ્છેદ થયો હોય... તો પણ દોડીને જાઓ. હાથ મિલાવો. ગળે લગાવો. આપણા મિત્ર કે સ્નેહીમાં કડવાશને મધુરતામાં બદલી શકે છે. પ્રેમથી સ્વભાવ બદલી શકાય છે. ગુસ્સાથી નહિ પ્રેમથી આમૂલ પરિવર્તન થશે.

''શબ્દ શબ્દ તું કયા કરે શબ્દ કો હાથ ન પાંવ

એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ...!''

આપણે સૌ શું કરીએ છીએ.? આપણી પાસે અલ્પ આયુષ્ય છે. અપૂર્વ સુંદર ગીત ગાઈ સંસારને સુંદર ગીતથી ભરી દઈએ. રખે ને મોડું ન થઈ જાય..! એક સત્ય ઘટના : ખૂબ પૈસાદાર સુખી કુટુંબનાં વડીલ વસિયત વગર અચાનક મૃત્યુ પામ્યા. ત્રણ પુત્રો બહેન વચ્ચે મિલ્કત બાબત ઝઘડો થયો. તું તું મેં મેં થવાથી બધા જુદા થઈ ગયા. સંબંધોમાં તિરાડ, મળવાનું બંધ થયું. કિલ્લોલ કરતાં કુટુંબનો માળો ધ્વસ્ત થયો. અચાનક બે વરસ પછી મોટાભાઈને કેન્સર થયું. મોટાભાઈએ પિતાના મિત્ર ઉમેશભાઈને બોલાવી વાત કરી. બન્ને ભાઈએ મળવા આવે.



ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા

પરંતુ શબ્દોના ઘાવ...બૈરાઓનો અહત્ વગેરે... કોઈ મળવા ન ગયા. સગાં–સંબંધીઓએ નાના ભાઈ–બહેનોને વાત કરી. પરંતુ પરિણામ શૂન્ય. એક દિવસ નાનાભાઈએ જનકલ્યાણમાં એક વાર્તા વાંચી ''રખેને મોડું થઈ જાય, સત્યઘટનાવાળી વાર્તા એ દિલ–દિમાગને સ્પર્શી ગઈ. હૃદયનાં સંબંધોનો વલોપાત જોયો હતો. બધાને તૈયાર કર્યા. બન્ને ભાઈઓ–પત્ની વગેરે માફી માગવા તૈયાર થયા. શેરી વળતા જોયુ કે ભાઈના ઘરની આસપાસ સફેદ વસ્ત્રોવાળા માણસો ભેગા થયા છે. હૃદયમાં ધ્રાસકો પડયો... ખરેખર ક્ષમા મળવાનું મોડું થઈ ગયું હતું. ઘરે જઈ ખૂબ રડયા... ભાભીએ કહ્યું કે કેટલા જણા સાથે તમને બોલાવ્યા? કેવો વલોપાત કરતા હતા...?

જીવન કયારે પુરું થશે? કોઈને ખબર નથી. જન્મ–મૃત્યુ ઈશ્વરનાં હાથમાં છે. કોઈ ચાલતા– ફરતા–સાજા– સારા માણસો મૃત્યુને શરણે થઈ જાય છે. આપણે અખબારમાં રોજ આવા સમાચાર વાંચીએ છીએ.

એક નાનકડું લેસન તૈયાર કરીએ : દરેક માણસ પ્રકૃતિને વશ ભૂલો કરતો હોય છે. અહંકાર–સ્વાર્થને લીધે ક્ષમા માગવા મોડું કરીએ છીએ. નોકરી, ધંધો, કુટુંબ, સમાજ અનેક પ્રશ્નો દ્વારા ગેરસમજ થાય છે. ક્રોધ, ગુસ્સો બતાવી દેવું...વગેરે લાગણીના ઘોડાપુરને લગામ રાખવી. પ્રેમ–કરૂણા અને સમજણથી જે બન્યુ હોય તેને ભૂલી જઈ પરસ્પર સ્નેહની આપ–લે કરી નવો પ્રેમનો દીપક પ્રગટાવવો. ખરા હૃદયથી માફી માગવાથી ગમે તેવી ભૂલની ક્ષમા મળે છે. કોર્ટ, કચેરી, પોલીસમાં કેસ વગેરેમાં બ્લડપ્રેશર વધે છે. સમય–પૈસો ખુવાર થાય છે. આ કાળગણનાને આધારે કોઈ કયારેય જીતતું નથી હારતું નથી. સાચી સમજણ સદ્‌ભાવની સુગંધથી દરેક બાબતોને ઉદાર હૃદયે ક્ષમા આપવી. જીવનને એક આનંદ યાત્રા બનાવવા આપણી પાસે શાસ્ત્રો છે. ગ્રંથો છે. ઈતિહાસ છે. સંતો છે. આનંદયાત્રાને મોક્ષયાત્રા બનાવવા અહંકારનો ત્યાગ કરવો પડશે. અને પછી તમે હળવા થઈ પ્રશ્નોને પાર જઈ મુકિત ધામનો રસ્તો સુખના સ્વર્ગની લગોલગ છે. કોઈ સાથે વાદવિવાદ કરવો નહિ. સંઘર્ષથી દૂર રહેવું જે માણસ પોતાની ભૂલ સ્વીકારી ક્ષમા ચાહે એ ખરેખર ધન્ય છે. બહાદુર છે. મોટો છે. મોટા થવા જલદી માફી માટે મનને તૈયાર કરવું. એક સત્ય ઘટના : ન્યૂયોર્ક શહેરની એક હોટલોમાં ખુંનખાર આતંકવાદી છુપાયો હતો. અંધાધૂંધ ગોળીબાર કરી વીસ બાળકોની લાશ ઢાળી દીધી હતી. પોલીસે હોટલ કોર્ડન કરી એનાઉન્સ દ્વારા શરણે થઈ જવા વારંવાર વિનંતી કરતી હતી. ધીમે ધીમે પોલીસ રૂમ ફરતે આવી છેલ્લી ચેતવણી આપી ગોળીબાર કરવાની સૂચના આપી આ વખતે આતંકવાદી ટેબલ નીચે છૂપાઈ પત્ર લખતો હતો. ''મારા શરીરમાં એક કોમળ દિલ ધબકે છે. મેં જે કૃત્ય કર્યું છે તે યોગ્ય છે. હું એનો ઈન્કાર નહિ કરું' પોલીસને આતંકવાદીની લાશ પાસેથી આ ચિઠ્ઠી મળી હતી. ખુની માણસ પણ પોતાની ભૂલ સ્વીકારતો નથી. આપણે શું શીખશું ?

**(અપૂર્ણ)**

---

# 'પવન પ્રેમનો'

**''ફરવરી આયા હૈ, યે પ્યાર ભરે દિન લાયા હૈ,યે ઈશ્ક કે દિન હૈ ઓર બડે રિસ્ક કે દિન હૈ.'' ''પ્રેમ કરવો હોય તો કરજો પણ પ્રેમનો ખોટો વહેમ ના કરતા અને કોઈની લાગણી સાથે પ્રેમની ખોટી ગેમ ના કરતા.''**

આ પ્રેમનો પવન ફુંકાવાનો શરૂ થઈ ગયો છે. ત્યારે હમણાં જ ટૂંક સમયમાં વેલેન્ટાઈન વીક ચાલુ થશે. એટલે જુદા જુદા ડે ઉજવવામાં આવશે. વેલેન્ટાઈન વીકમાં ઘણા પ્રેમ પ્રકરણ શરૂ થશે. જેમાંથી ઘણા ખરા બીજા વેલેન્ટાઈન વીક સુધીમાં તો પુરા પણ થઈ જાય તો ખબર નહીં. ત્યારે આજના સમયના પ્રેમમાં પાગલ બનતા દીકરા દીકરીઓને એટલું જ કહેવાનું કે, 'કયારેય કોઈના પ્રેમમાં એટલા આંધળા ન થાવ કે તમે તમારા સંસ્કારો અને સુરક્ષા સાથે રમત રમી જાવ.' કેમકે, સાચો પ્રેમ કયારેય ખોટા રસ્તે નથી લઈ જતો. અને જો ખોટા રસ્તે લઈ જતો હોય તો એ પ્રેમ નહી પ્રપંચ હોય એટલું સમજી લેજો. ને આવા પ્રપંચથી પોતાને બચાવજો. અને એટલું યાદ રાખજો કે, તમારો પ્રેમ અને સંબંધ કદાચ ગમે એટલા સમયનો હોય, ગમે એટલો જૂનો હોય પરંતુ એક વાત તો નક્કી છે કે, એ પ્રેમની ઉંમર તમારા માતા–પિતાના પ્રેમની ઉંમરથી વધુ મોટી તો નહીં જ હોય. તો માતા–પિતાના પ્રેમની ઉંમરને માન આપી તમારા પ્રેમને એની આંખોએ જોવાનો પણ પ્રયાસ કરજો. અને જો તમારા પ્રેમમાં ઉંમર સાથે પરિપક્વતા પણ હોય ને તો તમારી પાસે પ્રેમ સિવાયના પણ લોજીકલી મા બાપને મનાવી શકાય તેવા તમે પસંદ કરેલ પાત્ર માટેના જવાબ હોય એ જરૂરી છે. અને પ્રેમમાં નિષ્ફળતા મળે તો હારી થાકી જિંદગીથી ભાગી જવું એ કોઈ રસ્તો નથી. બહાદુરીથી એ સમયનો સામનો કરવો એ પ્રેમની તાકાત છે. અને પ્રેમમાં પામી જવું એજ કોઈ અંતિમ શરત નથી. અને વેલેન્ટાઈન એટલે માત્ર સ્ત્રી અને પુરૂષનો પ્રેમ એ જ નહીં. પ્રેમ સર્વવ્યાપી છે, પ્રેમ અમૂલ્ય તત્વ છે. તે એક

## અનુભૂતિનાં અક્ષરો



– નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

અનુભૂતિ છે. જે અનુભૂતિ કોઈપણ સંબંધમાં કોઈની પણ માટે હોઈ શકે. સૌ પ્રથમ તો જે પોતાને પ્રેમ કરે છે એ જ બીજાને પ્રેમ કરી શકે. તો પહેલો જાત સાથેનો પ્રેમ, મા બાપ, પરિવાર, મિત્રો સમાજ, દેશ, પ્રકૃતિ આ દરેક સાથે પ્રેમ થઈ શકે. તો એમનો પ્રેમ પ્રેમ નથી? અને આ વિદેશી વાયરાના વળગણમાં પ્રેમના વહેમમાં પાગલ થાતા યુવાનહૈયા ઘણી વખત એ એક લાગણી પાછળ પોતાનું કરિયર, પોતાના સપના, પોતાનું લક્ષ્ય બધું જ ભૂલી જાય તે કેટલી હદે યોગ્ય છે?

ખરેખર પ્રેમ તો નવી ઉન્નતિ તરફ લઈ જાય બરબાદી તરફ નહીં. તો પ્રેમ એવો કરો જે તમને તમારા જીવનની દિશા પર ચાલવા અને મંઝિલ સુધી પહોંચવા માટે વધુ મક્કમ બનાવે. નહીં કે એના નામે મજબુર બનાવે. કારણ કે પ્રેમ તાકાત છે કમજોરી નહીં. અને જે કમજોર કરે તે પ્રેમ ન હોય .

એટલે ટૂંકમાં કહું તો,

અગર ભાગના હી હૈ તો

કિસી એક ઈન્સાન કે પીછે કયુ ? ભાગો અપને સપનો કે પીછે, મંઝિલ કે પીછે, અપને જીવન કે લક્ષ કે પીછે ઓર ઈન સબકે પીછે એસે ભાગો કે, એક દિન વો લક્ષ્ય,વો મંઝિલ,વો સપને સબ આપકે પાસ હો,ઓર આપકા અપના ભી એક આસમાન હો. પ્યાર કરના હૈ તો અપને સપનો સે કરો. નશો કરવો જ છે તો એવો કરો કે જે તમને તમારા પરિવાર અને માતાપિતાએ તમારા સમૃદ્ધ જીવન માટે કરેલા એ દરેક સંઘર્ષને સફળતામાં બદલવાના સપનાને પ્રેમ કરતાં શીખવે. ઘર, પરિવાર દેશ કે સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાને પ્રેમ કરો. એટલે આ પ્રેમને માત્ર સ્ત્રી પુરૂષ પૂરતો સીમિત ના કરી વ્યાપક સ્વરૂપે જુઓ. અને જેને ખરા હૃદયથી પ્રેમ કરો તેની લાગણીઓનું સન્માન કરો. પ્રેમના નામે કયારેય કોઈની લાગણી સાથે રમત ના રમત ના રમો. કારણ પ્રેમની ઉજવણી, અનુભૂતિ કે સ્વીકૃતિ માટે કોઈ એક દિવસ, એક સમય કે એક અઠવાડિયું સીમિત ન હોઈ શકે. આપણી સંસ્કૃતિમાં તો સદા કાળથી પ્રેમ તત્વનો મહિમા ગાવામાં આવ્યો છે. ત્યારે એ પ્રેમ તો આજીવન ઉજવાતો અવસર છે. તો તેને માત્ર કોઈ એક સમય, સ્થળ કે પાત્રના બીબા ઢાળ બોકસમાં ઢાળી દેવાના બદલે આ પ્રેમ તત્વને સમષ્ટિમાં જોઈએ. પ્રેમ સર્વવ્યાપી છે.

તો આ પ્રેમનો પવન ફૂંકાઈ રહ્યો છે ત્યારે આ પ્રેમના તત્વને બરાબર પારખીએ અને પલટાતા પવન જેવો પ્રેમ ન કરીએ. કેમકે, પ્રેમ સહજ છે તે થઈ જાય છે. બાકી જે કોઈ યુકિત કે યોજના કે પ્રયોજન સાથે વિચારપૂર્વક કરવામાં આવે તે પ્રેમ નહીં માત્ર ગેમ છે. તો આવી લાગણીની રમત કોઈની પણ સાથે ના રમતા કારણકે, કોઈની પણ આશા કે સપનાઓ સાથે રમત રમવી એ અપરાધ છે. જે આશા આપણે પૂરી જ ન કરી શકવાના હોય એવી ખોટી આશામાં કોઈને રાંચતું રાખવું એ ખરેખર ખૂબ મોટી હિંસા છે. તો આવી લાગણીની કોઈ રમત ના રમતા. પ્રેમ એટલે કોઈ પણ અપેક્ષાઓ વગર આપી શકાય તે આપવાની ઝંખના અને જહેમત પછી આ પ્રેમ કોઈ પણ માટે હોય પ્રેમી, મિત્ર, માબાપ કે અન્ય કોઈપણ સંબંધ.જયા પ્રેમ છે ત્યા શું મળ્યું કે મળશે તે વિચાર વગર આપવાનો આનંદ હોય બસ માત્ર નિરપેક્ષ આનંદ. એ અનુભૂતિ એટલે પ્રેમ.

# ખાંભા : બી.આર.સી. ભવન દ્વારા 'જીવો અને જીવવા દો' ની ભાવના સાથે અનોખો સેવાયજ્ઞ



ખાંભાના ભગવતીપરા ખાતે રહેતા અને બીઆરસી ભવન ખાંભામાં સ્પેશિયલ એજયુકેટર (આઈ.ઈ.ડી.) તરીકે ફરજ બજાવતા યુવાન દ્વારા છેલ્લા છ વર્ષથી દર ઉત્તરાયણમાં 'પક્ષી બચાવો' નો અનોખો સેવાયજ્ઞ ચલાવતા અજયભાઈ સરવૈયા દ્વારા ઉત્તરાયણમાં પતંગ રસિયા દ્વારા પતંગના પેચ લગાવી એક બીજાની પતંગો કાપતા રસ્તા ઉપર, વૃક્ષ, થાંભલા, છત, શેરી, નળિયાં કે જાહેર રસ્તા ઉપર પતંગ સાથેની દોરીઓ પડી હોઈ કે લટકતી હોઈ તે ભેગી કરી પક્ષીઓને ઉડવા કે મુકત જીવન જીવવામાં નડતર રૂપ પતંગના જીવલેણ દોરાથી ઉત્તરાયણ બાદ પક્ષીઓ ઘાયલ ન થાય તે માટે આ સેવાયજ્ઞ ચલાવી ૩ થી ૧૫ વર્ષના બાળકોમાં પણ જીવદયાનો ભાવ જાગે અને 'જીવો અને જીવવા દો' ના ઉદ્દેશ્યના નૈતિક સંસ્કાર બાળપણથી જ મળે તેવા આશયથી બાળકો દ્વારા ઘર, શેરી, વૃક્ષ, કે રસ્તામાંથી જીવલેણ દોરા કે ગુંચળા ભગવતીપરા ખાતે રહેતા અજયભાઈ સરવૈયાને આપીને ચવાણું, મમરાના લાડુ, મીઠાઈ, ફ્રૂટ, ચોકલેટ ભરેલ પ્લાસ્ટિકના લંચબોકસ નકામા દોરા લાવેલ બાળકોને દોરાના ગૂંચળાના બદલામાં વિના મુલ્યે આપી પ્રોત્સાહિત કરી એકઠા કરેલ. દોરા કે પતંગોને સળગાવી તેનો નાશ કરીને ખરા અર્થમાં ' પક્ષી બચાવો' અને 'જીવો અને જીવવા દો' નો ઉદેશ્ય સાથે અનોખા સેવાયજ્ઞ દ્વારા સર્વને પણ પ્રેરણા આપે છે. આ કાર્યને સિદ્ધ કરવા માટે સ્વૈચ્છિક દાતા હકુભા રાઠોડ, બાબુભાઈ ખુમાણ–ખાંભા, હરિચરણદાસ , નિર્મળસિંહ, મહાવીરસિંહ વગેરેએ આર્થિક યોગદાન આપેલ સાથે શાંતિલાલ, જગદીશભાઈ, રસિકભાઈ વગેરેએ સેવાધર્મ કરીને આ કાર્યને વધુસાર્થક કરવા અને દરેક બાળ માનસમાં જીવ દયાના સંસ્કારો જાગૃત કરવામાં યોગદાન આપી ' જીવો અને જીવવા દો' ની પ્રેરણા પુરી પાડવામાં સહભાગી થયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં અજમેરા કોમ્પ્લેક્ષ**

કાર્યવાહી કરવા અમારી માંગ છે. સાથો સાથ નગરપાલિકાનાંબાંધકામવિભાગનાં જવાબદાર અધિકારી કે જેમને અમરેલી શહેરમાં પાલિકા ધ્વારા બાંધકામ, રીનોવેશન કે અન્ય બાંધકામ બાબતની જવાબદારીહોયછતાંઆ ગંભીર પ્રશ્નને અજાણ રહી કોઈ પાર્ટીને ફાયદો કરાવી રહ્યાહોયતેમજ તોડી પાડનારવ્યકિતઓને શોધી કાયદાકીય કાર્યવાહી તેમજ પોલીસ ફરિયાદ કરશો તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાને કેન્દ્ર**

જાહેરાત કરવામાં ન આવતાં જિલ્લાની બહુમતીજનતાબજેટથીનારાજબનીછે.

અમરેલી જિલ્લામાં રોજગારી, શિક્ષણ અને આરોગ્ય જેવી સુવિધાઓનાંઅભાવથીજિલ્લામાંથીદર વર્ષે સેંકડો પરિવારો મહાનગર તરફ સ્થળાંતર કરવા મજબુર બની રહ્યા છે અને સ્થળાંતરની પ્રક્રિયા દાયકાઓથી શરૂ થઈ છે. જિલ્લાનાં મોટાભાગનાં પરિવારો રાજકોટ, અમદાવાદ કે સુરત તરફસ્થળાંતર કરતાંજોવામળીરહ્યાછે. તો જિલ્લાનાં બાળકો અભ્યાસ અર્થે કેનેડા, ઓસ્ટ્રેલીયા, અમેરિકા જવા મજબુર બન્યા છે.

અમરેલી જિલ્લાની જનતા માટે ચિંતાજનક બાબત એ છે કે, જિલ્લાંમહત્વનાંરાજકીયઆગેવાનોઅમદાવાદ, ગાંધીનગરકેસુરતખાતેસ્થાયીથયેલછેઅને તેઓ અવનવા કાર્યક્રમોમાં અને ચૂંટણી દરમિયાનજોવામળેછેઅનેબાદમાંતેઓ મહાનગરમાંરહેણાંકમકાનમાંવધુસમય પસાર કરી રહ્યા છે.

અમરેલી એ કૃષિક્ષેત્ર સાથે જોડાયેલું છે. જિલ્લામાં કપાસ, મગફળી અને ઘઉંનું ઉત્પાદન સારૂ થાય છે. પરંતુ ખેડૂતોને વીજળી, પાણીની સમસ્યા કાયમી રહે છે. તો રાનીપશુઓ અને નીલગાય પણ પરેશાન કરે છે. પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળતા નથી, ગ્રામ્ય વિસ્તારમાં શાળા, દવાખાના કે માર્ગોની યોગ્ય સુવિધાઓનો અભાવ છે.

અમરેલી જિલ્લાનાં સરકાર પક્ષનાં આગેવાનો વર્ષોથી તેમના પક્ષની સરકાર ધ્વારા જયારે પણ બજેટ રજુ થાય એટલે સમજયા વગર રાબેતા મુજબ બજેટને આવકારી રહ્યા છે. પરંતુ તેઓને સામાન્ય નાગરિકમાંથી ગાંધીનગર કે દિલ્હી પહોંચાડનાર જનતાને કેટલો લાભ મળ્યો તેની વિગત સત્યતાપૂર્વક રજુ કરતાં નથી તે પણ હકીકત છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૪૦ |
| ૨ | મગફળી | ૧૧૯૨ | ૧૨૪૮ |
| ૩ | તલ સફેદ | ૨૪૯૦ | ૨૭૩૦ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| ૫ | ચણા | ૯૧૦ | ૯૬૦ |
| ૬ | સોયાબીન | ૮૩૯ | ૮૬૧ |
| ૭ | ધાણા | ૧૧૧૦ | ૧૨૨૦ |
| ૮ | રાઈ | ૧૦૩૫ | ૧૧૬૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૫ | ૧૪૩૫ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૨૩૨ |
| ૩ | ચણા | ૧૧૦૧ | ૧૧૧૧ |
| ૪ | જુવાર સફેદ | ૮૧૧ | ૯૦૫ |
| ૫ | ઘઉં | ૩૫૧ | ૫૦૦ |
| ૬ | તુવેર | ૧૫૦૦ | ૧૮૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૦ | ૧૨૭૦ |
| ૨ | શિંગ મોટી | ૯૯૦ | ૧૩૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૬૫ | ૧૪૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૯૫૭ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૮૫૦ | ૩૯૮૦ |
| ૬ | બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| ૭ | જુવાર | ૬૧૦ | ૧૦૯૨ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૬૨૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૬૫ |
| ૧૦ | અડદ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| ૧૧ | ચણા | ૯૧૫ | ૧૧૧૭ |
| ૧૨ | તુવેર | ૧૦૬૧ | ૨૦૨૪ |
| ૧૩ | કપાસ | ૯૯૯ | ૧૪૪૭ |
| ૧૪ | એરંડા | ૭૦૦ | ૧૧૨૦ |
| ૧૫ | રાયડો | ૮૯૮ | ૮૯૮ |
| ૧૬ | ધાણા | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૭ | અજમા | ૧૮૦૦ | ૨૪૫૦ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૮૬૦ |
| ૧૯ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૧૩૦ |

# રાજુલા : કાન્હા વિશ્વ વિદ્યાલય ખાતે ફનફેર કાર્યક્રમ યોજાયો






રાજુલા, તા. ૩

સમગ્ર રાજુલા તાલુકામાં ખુબજ ટૂંકા સમયમાં શિક્ષણ ક્ષેત્રે સદા અગ્રેસર રહેતી કાન્હા વિશ્વવિદ્યાલય ખાતે આજે એક ફનફેર કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આજે વાલી મીટીંગની સાથે સાથે આ એક ફનફેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં આ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના સ્ટોલ ઉભા કરવામાં આવેલા. જેમાં પાણી, પાણીપુરી નાસ્તા, ભેળ, સેન્ડવીચ, તેમજ વિવિધ રમતો કઠોળ, ઠંડા શરબત જેવા વિવિધ સ્ટોલ આ બાળકો દ્વારા બનાવવામાં આવેલા અને આ જ બાળકોને કઈ રીતે વેપાર થાય નફો નુકસાનની જાણકારી મળે તે મુખ્ય હેતુ આજના કાર્યક્રમ માટે રહેવા પામેલો સાથે શાળાના મેનેજમેન્ટ દ્વારા વાલી મિટિંગનું પણ આયોજન કરવામાં આવેલ. જેથી આવનાર તમામ વાલીઓ તેમજ આમંત્રિતતો મહેમાનોએ આ દરેક સ્ટોલોની મુલાકાત લીધેલી અને તમામ બાળકો દ્વારા વસ્તુઓ બનાવવામાં આવેલી. આ વસ્તુઓનો બાળકોને વેપાર વાલીઓએ કરાવેલ. આમંત્રિતો મહેમાનો દ્વારા આ સ્ટોલ ઉપરથી ખરીદી કરવામાં આવેલ. જોકે આ શાળાનું આ કાર્ય બાળકોને એક પ્રકારની ખાસ માહિતી મળે કે બિઝનેસમાં નફો નુકસાન કેવી રીતે થાય જે હેતુથી આ ફનફેર યોજવામાં આવેલો. સાથે સાથે એક દિવ્યાંગ શિક્ષક દ્વારા કાર્યક્રમ દરમિયાન પિયાનો દ્વારા સુમધુર સંગીત વગાડવામાં આવેલ અને સાથે સાથે એક ચેરીટી બોકસ મૂકવામાં આવેલુ. જે થોરડી ખાતે આવેલ દિવ્યાંગો શાળા માટે આ જે બોકસ મૂકવામાં આવેલ હતું. જેમાં આવેલા વાલીઓ અને મહેમાનો દ્વારા ફૂલ નહીં તો ફૂલની પાખડી આ બોકસમાં આ દિવ્યાંગ શાળા માટે યોગદાન એકત્રિત કરવામાં આવેલ સાથે સાથે આ શાળામાં ખાસ આમંત્રિત મહેમાન તરીકે રાજુલાની સંઘવી મહિલા કોલેજમાંથી આવેલ જાગૃતીબેન દ્વારા પણ એક સરસ મજાનું ગીત રજૂ કરવામાં આવ્યું. ત્યારે આજના આ કાર્યક્રમ ન ભૂતો ન ભવિષ્ય જેવો આ સરસ મજાનો કાર્યક્રમ આ શાળામાં યોજાયો. ત્યારે વાલીઓ દ્વારા પણ આ શાળાના મેનેજમેન્ટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા. ત્યારે સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન શાળાના ટ્રસ્ટી દ્વારા શાળાના આચાર્ય મૌલિકભાઈ વાણીયાને આપવામાં આવેલ. જેમને આ સમગ્ર કાર્યક્રમનું આયોજનમાં માર્ગદર્શન પૂરૂં પાડેલ.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૧ | ૧૪૧૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૩૦ | ૧૨૭૫ |
| ૨ | શીંગ મોટી | ૯૦૧ | ૧૩૧૦ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | – |
| ૫ | જીરૂ | ૫૧૦૦ | – |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૪૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૯ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૪૯૧ |
| ૧૦ | મકાઈ | ૫૬૧ | – |
| ૧૧ | મગ | ૧૭૫૨ | – |
| ૧૨ | ચણા | ૯૨૫ | ૧૧૫૯ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૧૮ |
| ૧૪ | તુવેર | ૧૭૭૫ | ૨૦૭૦ |
| ૧૫ | એરંડી | ૧૦૭૨ | – |
| ૧૬ | રાય | ૯૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૧૮ | સોયાબીન | ૮૧૦ | ૮૬૪ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં વિન્ડફાર્મ**

કરવામાં આવેલ છે પરંતુ કોઈ કારણોસર આવી કંપનીઓને છાવરવામાં આવતા હોય તેવી સતત લોકોમાંચર્ચાથતીરહેછેઅનેજિલ્લામાં રોષની લાગણી ઉભી થઈ છે. હજુ આ બાબતો તપાસમાં લંબિત છે તેવા સંજોગોમાં લીલીયા ખાતે પીપાવાવ લીપ એગ્રી લોજીસ્ટીક પ્રા.લી. ધ્વારા સરકારી પડતર પશુધન ચરીયાણી જમીનમાં મોટા સાઈલો ઉભા કરી નિયમનેસંપૂર્ણનેવેમુકીઅંગેનીરજુઆત છે. અમરેલી જિલ્લો ડો. જીવરાજ મહેતાના સપનાનો રાજયના પ્રથમ મુખ્યમંત્રીનો જિલ્લો અનેક મહત્વનાં આગેવાનો આ જિલ્લાને આપી ચુકયા છે. સુર્યોદય યોજના શરૂ કરવા માટે મહત્વનો ફાળો છે ભુતકાળમાં સરકારની સુકી ખેતી આ જિલ્લાને એક મહત્વનાં ખેડૂતોને બંજર જમીનમાંથી ફળદ્રુપ બનાવીને નંબર વન બન્યો છે તે તમામ બાબતોને ધ્યાને રાખી તટસ્થ તપાસ થવા અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **માર્ગ–મકાન, સિંચાઈ સહિતનાં**

બનીજતાંહોયછે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, ભ્રષ્ટાચારનાં કારણે બિસ્માર બનતા માર્ગો, પુલો કે મકાનોની મરામતની રકમ મંજુર થાય એટલે પુનઃ ખાયકી શરૂ થાય છે અને જનતાનાં પરસેવાનાં પૈસાનો ખુલ્લેઆમ દુરૂપયોગ થઈ રહ્યો છે. આ પ્રકારનું દુષણ વર્ષોથી ચાલતી પ્રક્રિયા છે. જેને નરેન્દ્ર મોદી જેવા સૌથી વધુ શકિતશાળી નેતા પણ અટકાવી શકયા નથી તે એક હકીકત છે.

આમ અમરેલી જિલ્લામાં એકહજાર કરોડનાંઅંદાજિતએકહજાર કરોડનાં ખર્ચે થતાં વિકાસકાર્યોમાં અંદાજિત ૫૦ કરોડ જેવી રકમ ભ્રષ્ટ અધિકારી અને અમુક પદાધિકારીઓની ઘરની તિજોરીમાં જઈને કાળાધનમાં રૂપાંતરણ પામતી હોય તેવું જોવા મળે છે. બાંધકામ એજન્સીઓ વર્ષોથી ભ્રષ્ટ અધિકારી અને અમુક પદાધિકારીઓને હથેળીમાં લાડ લડાવતી જોવા મળી રહી છે અને ઉપરોકત ત્રિપુટીનાં દુષણને રાજયનાં નિષ્ઠાવાન મુખ્યમંત્રી તોડી પાડીને જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાની થતી લૂંટને અટકાવે તેવી માંગ જનતા જનાર્દન કરી રહી છે.

**મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ખાંભા**

**અરજદાર :–** બચુભાઈ સોમાતભાઈ બાંભણીયા, રહે. જામકા તા. ખાંભા, જિ. અમરેલી. — ફોજદારી પ.અ.નં.૨૮/૨૦૨૪, મુ.તા. ૨૯/૦૨/૨૦૨૪

**વિરૂધ્ધ**

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ ત.ક.મ.મંત્રીશ્રી, ગ્રામપંચાયગત કચેરી, જામકા, તા. ખાંભા જિ.અમરેલી.

**અરજણદારના વિ.વકીલશ્રી : જે. એન. જોષી**

**–: જાહેર નોટિસ :–**

આથી આ જાહેર નોટી.સ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારની પુત્રી **અંકીતા બચુભાઈ બાંભણીયા** નો જન્મ **તા.૦૧/૦૬/૨૦૦૨** નાં રોજ મોજે ગામ : જામકા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કલમ–૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ અરજદારની પુત્રીના જન્મ **અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદ્દત તા. ૨૯/૦૨/૨૦૨૪** ના રોઅજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદ્દત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહિતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૨૯'મી, માહે જાન્યુઆરી, સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

**તૈયાર કરનાર** (ડી.એમ.કલસરીયા) આસીસ્ટન્ટ — સિકકો — **મુકાબલ કરનાર** (ડી.જે. પઠાણ) આસીસ્ટન્ટ — **હુકમથી** (એ.એસ.દવે) રજીસ્ટ્રાર ખાંભા

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૨૪ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૧૯૦ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૫૪ |
| ૪ | તુવેર | ૧૦૬૫ | ૧૭૫૦ |
| ૫ | ધાણા | ૧૧૦૦ | ૧૩૦૩ |
| ૬ | સોયાબીન | ૭૯૫ | ૮૩૭ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૮૯૫ | ૧૦૭૫ |
| ૩ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૪ | બાજરો | ૪૮૭ | ૪૮૭ |
| ૫ | ઘઉં લોકવન | ૫૪૫ | ૫૪૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૭૪ |
| ૭ | ધાણા | ૧૧૭૦ | ૧૨૦૭ |
| ૮ | સોયાબીન | ૭૭૦ | ૮૧૫ |
| ૯ | જુવાર | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૧૦ | તલ સફેદ | ૩૫૦૫ | ૩૫૦૫ |

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી પિયુષભાઈ કેશુભાઈ લીંબાસીયા રે. રાજકોટ વાળા નીચે ના પરિશિષ્ટ માં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે. અને તેના માલીક (૧) રાજેશભાઈ કાનજીભાઈ સતાણી (૨) વિપુલભાઈ કાનજીભાઈ સતાણી રે.પાનસડા તા. બાબરા વાળા સાથે ખરીદ કરવા સોદો કરેલ છે.

સદરહુ મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણ નો વેચાણ , ગીરો , બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકાર નો હકકહિત હોય, બોજો , ચાર્જ , લીયન , ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહુ જમીન માટે ના કબ્જા બાબતે કોઈ ને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર / લખાણ કે અન્ય કોઈ પ્રકાર નો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭(સાત) માં નીચે ના સરનામે લેખીત માં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૧૦ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા , તકરાર , સરખું નથી , અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

પરિશિષ્ટ

ગુજરાત રાજય ના અમરેલી જિલ્લા ના બાબરા તાલુકાના મોજે પાનસડા ગામના , ખેડ ખાતા નં–૧૭૪ રે.સ.ન. ૫૫૫ (જુનો નં– ૪૭/૨) હે. ૦–૮૬–૪૪ ચો.મી. જમીન આવેલ છે, આ ખેતી ની જમીન અમારા અસીલશ્રી જમીન ખરીદ કરવા માંગે છે.

તા. ૦૩/૦૨/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી લાગતાવળગતા સર્વેને જણાવવામાં આવે છે કે, અમારા અસીલ શારદાબેન માધુભાઈ બોરીચા, રહે. ધારીની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસથી જણાવવાનું કે,

૧. અમારા અસીલ શ્રી શારદાબેન માધુભાઈ બોરીચા, રહે. ધારી મોજે. ધારગણી, તા. ધારી જિ. અમરેલી મુકામે ખાતા નં.૧૦૨૧ થી નીચે મુજબ જમીન આવેલી છે.

| સ.નં. | હ.આરે. ચો.મી. |
|---|---|
| ૩૪૦ પૈકી ૨/પૈકી ૨ | ૩–૧૮–૬૯ |

ઉપર મુજબ ની જમીન અમારા અસીલ અન્યને વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવા માગે છે. તે દસ્તાવેજ. સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હરકત કે હક્ક, દાવો, હિત, માલિકી, કબ્જો, ભોગવટો, ગીરો, બોજો, લીયન, બાનાખત, કે બીજા હરકોઈ પ્રકારનો હક્ક કે અધિકાર હોય અગર કોઈપણ પ્રકારનું સરકારી, સહકારી, બેંક, મંડળી કે ખાનગી વ્યકિતનું લ્હેણુ હોય અગર બીજા કોઈ માલીકી હક્ક, દાવા, ગણોત હક્ક હોય તો તેમજ જે કાંઈ વાંધા હરકત હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૮ માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી જો મુદ્દત દરમ્યાન આવા કોઈ વાંધા હરકત આવશે નહી તો કોઈને આ જમીન અંગે કોઈપણ પ્રકારનો હક્ક હિત માલિકી કબ્જો કે બીજો કોઈ હક્ક કે અધિકાર નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મારા અસીલ દસ્તાવેજથી જમીન વેચાણ કરી આપશે. અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે હરકત ચાલશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

**રવાના અમારા મારફત**
**(વનરાવનભાઈ એ. વાળા)**
**એડવોકેટ એન્ડ નોટરી**
**મુ.નાની ગરમલી, તા. ધારી**
**મો.નં. ૯૮૭૯૫ ૭૬૪૦૯**

**સ્થળ : ધારી**
**તા. ૦૩/૦૨/૨૦૨૪**

## અવસાન નોધ

**અમરેલી :** મનોજભાઈ રામજીભાઈ કાતરીયા તે રામજીભાઈનાં મોટા પુત્ર, એડવોકેટ સંજય કાતરીયા, અરવિંદ કાતરીયા, ભરત કાતરીયાનાં મોટાભાઈનું દુઃખદ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૫ ફેબ્રુઆરીનાં સાંજે ૪ થી ૬ વાગ્યે રાખેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૨૮૫ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૮૦૦ |
| ૩ | તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૪૩ |
| ૫ | બાજરો | ૪૪૦ | ૫૧૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૩૦ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૨૨ |
| ૮ | મગ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૯ | તુવેર | ૧૯૦૧ | ૧૯૨૦ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૩૫૦ |
| ૧૧ | એરંડી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૧૨ | અજમા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૩ | રાજગરો | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૧૦ |

### માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે

# જિલ્લા ટ્રાફિક શાખા તથા આર.ટી.ઓ. તરફથી વાહન ચાલકો માટે મેડીકલ કેમ્પ યોજાયો

## ટ્રાફિકના નિયમોની જાણકારી માટે પત્રિકાનું વિતરણ



અમરેલી તા. ૩

સરકાર દ્વારા વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે ગત તા.૧૫ થી તા.૧૪/૨/૨૪ સુધી માર્ગ સલામતી માસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી શહેરમાં લાઠી રોડ ઉપર આવેલ અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા આર.ટી.ઓ. કચેરી અમરેલી દ્વારા વાહન ચાલકો માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ મેડીકલ કેમ્પમાં શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલીના એન.સી.ડી.સેલની મેડીકલ ટીમ હાજર રહેલ હતી. અને વાહન ચાલકોની આંખો, બ્લડપ્રેશર, ડાયાબિટીસ સહિતની મેડીકલ તપાસણી કરી, જરૂરી સારવાર સુચવેલ હતી. આ પ્રસંગે વાહન ચાલકોએ બહોળી સંખ્યામાં હાજર રહી, મેડીકલ કેમ્પનો લાભ લઈ, ચેકઅપ કરાવેલ હતું.

આ મેડીકલ કેમ્પમાં હાજર રહેલ વાહન ચાલકોને જિલ્લા ટ્રાફિક શાખા, અમરેલી તથા આર.ટી.ઓ. કચેરી, અમરેલીના અધિકારી, કર્મચારીઓ દ્વારા માર્ગ સલામતી તથા ટ્રાફિકના નિયમો અંગે જાણકારી અને સમજ આપવામાં આવેલ હતી અને ટ્રાફિકના નિયમોની જાણકારી આપતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

### ધારાસભ્યએ કરેલ રજૂઆતને મળી સફળતા

# ધારીનાં ગોવિંદપુર સહિતનાં ૧૦ ગામોનાં પશુઓ માટે પશુ દવાખાના એમ્બ્યુલન્સની સુવિધા

## ગૌલોક સેવાધામ ટ્રસ્ટ દ્વારા આભાર માનવામાં આવ્યો



રાજુલા, તા. ૩

છેલ્લા ૩૫ વર્ષથી જાબગીર ગૌશાળા ખાતે બીમાર અને નીસહાય ગાયોની નિસ્વાર્થ પણે સેવા થઈ રહેલ છે છેલ્લા દોઢ વર્ષથી ધારી પશુ દવાખાનામાં ફરજ પર પશુ ડોકટર ના હોય બગસરાના પશુ ડોક્ટર ચાર્જમાં રહેતા ટ્રસ્ટ દ્વારા થોડા સમય પહેલા ધારી તથા આજુબાજુના વિસ્તારમાં પશુચિકિત્સા માટે હરતું ફરતું પશુ દવાખાના સેવા કોલ ૧૯૬૨ માટે ધારાસભ્ય જે.વી. કાકડિયાએ, પશુપાલન મંત્રીને રજુઆત કરેલ હતી.રજૂઆતને હકારાત્મક સ્વરૂપમાં લેતા હાલમાં ગોવિંદપુર તેમજ આજુબાજુના ૧૦ ગામ માટે હરતું ફરતું પશુ દવાખાનું (પશુ એમબુલન્સ) શરૂ કરવામાં આવેલ છે જેમાં ૧૯૬૨ ઉપર કોલ કરવાથી જે તે વ્યકિતના ઘર ઉપર જઈને પશુઓની જરૂરી સારવાર પૂરી પાડવામાં આવશે. ઉપરોકત સેવા શરૂ કરવા માટે સંસ્થાના સંચાલક બાબુભાઈ ઢોલા તથા ટ્રસ્ટીગણ દ્વારા ધારાસભ્ય, પશુપાલન મંત્રી તેમજ ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરે છે.

### બે ડોકટરોના સ્મરણાર્થે તેમના ડોકટર પુત્રો દ્વારા

# સાવરકુંડલામાં આજે રવિવારે વિનામૂલ્યે મલ્ટીસ્પેશ્યાલીટી કેમ્પ યોજાશે

## વધુમાં વધુ દર્દીઓ તમામ રોગો માટે નિઃશુલ્ક કેમ્પનો લાભ લે






સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા જુનાબસ સ્ટેન્ડ ખાતે આવેલ ઓમકાર હોસ્પિટલ ખાતે આગામી તારીખ ૦૪/૦૨ ને રવિવારના રોજ સાવરકુંડલા શહેર અને તાલુકામાં મેડિકલ અને દર્દીઓની સેવા માં હંમેશા હાજર રહેતા સ્વ.ડો.યુ.એસ.ગોસાઈ અને ડો. આર.ડી.પારધીના સ્મરણાર્થે તેમના સુપુત્રો ડો.સાજન ગોસાઈ અને ડો. મયુર પારધી દ્વારા સોલ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા વિનામૂલ્યે કેમ્પ યોજાશે. આ નિઃશુલ્ક કેમ્પમાં ફૂલ ટાઈમ ફીઝીશયન ડો.ભૌમિક શાહ જેઓ શ્વાસના રોગો, અસ્થમા, દમ, ટીબી, પોઈઝન તથા મલ્ટી ઓર્ગન ફેઈલયોરની સારવાર, આઈસીયુની સારવાર તેમજ ઈન્ફેકસીયસ (ચેપી) રોગો મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, ન્યુમોનીયા, એચ.આઈ.વી. લોહીના રોગો, પેટના રોગો સારવાર આપશે તેમજ ફુલ ટાઈમ ઓર્થોપેડીક સર્જન ડો. મિસમ ઉનીયા એમ.એસ. ઓર્થો, જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન ઓર્થોસ્કોપીક સર્જન, કરોડરજ્જુ, મણકા, ગાદી કે નસની તકલીફ માટેના ઓપરેશન, ઘુંટણ તથા થાપાના સાંધા બદલાવવાના ઓપરેશન, દુરબીનથી થતા ઘુંટણના સ્નાયુ કે ગાદીના ઓપરેશન, દુરબીનથી થતા ખભાના સ્નાયુના ઓપરેશન, હાડકાના ફ્રેકચર કે અકસ્માત, ઈજાના ઓપરેશન તપાસશે તેમજ ફુલ ટાઈમ લેપ્રોસ્કોપીક સર્જન ડો. શાંતિ વાળા એમ.બી.બી.એસ. એમ.એસ., જનરલ લેપ્રોસ્કોપીક સર્જન દ્વારા પિતાશયની પથરી, લીવરમાં રસી થવી, તમામ પ્રકારની સારણગાંઠ, આંતરડા ચોંટી જવા, આંતરડા બ્લોક થવા, પાચનમાર્ગમાં કાણું પડવું, એપેન્ડીક્ષ (દુરબીનથી) ભગંદર, હરસ, મસાની ચકાસણી, આંતરડાને લગતી તકલીફો તપાસશે અને સેવા આપશે.

# ખાંભાના પી.એસ.આઈ.ની ઉપસ્થિતિમાં ફૂટ પેટ્રોલિંગ થયું



ખાંભા, તા. ૩

ખાંભા પોલીસ સ્ટેશનના પી એસઆઈ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ખાંભા શહેરના મેન બજાર સહિત અલગ અલગ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું અને રોડ પર અડચણ વાહનોને લઈને ચેકિંગ આદર્યુ હતું.

ખાંભામાં ગાંધી ચોકના બસ સ્ટેન્ડમાં અને રોડ પર અડચણરૂપ વાહન પાર્ક કરેલા વાહન ચાલકને મેમો આપી કાયદાનું ભાન કરાવ્યું.


# ઉનાના યુવા પત્રકાર ધર્મેશ જેઠવાની પુત્રીનો આજે જન્મદિવસ



ઉના, તા. ૩

ઉના તાલુકાના ગાંગડા ગામનાં વતની અને ઉનાના યુવા પત્રકારની પુત્રી અદિતિ જેઠવાનો આજે જન્મદિવસ છે. જેઓ સાત વર્ષ પુરા કરી આઠમા વર્ષમા મંગલ પ્રવેશ કરી રહયા છે ત્યારે તેઓને સોશિયલ મિડિયા,પ્રિન્ટ મિડિયા, ટેલિફોન દારા કુંટુંબીજનો, વડીલો દારા તેમનો મો.૯૭૧૨૦૧૦૦૫૮ પર જન્મદિવસની શુભકામનાઓનો વરસાદ વરસી રહ્યો છે.

# અમરેલી જિલ્લા બેન્કનાં ડાયરેકટર તરીકે હરેશભાઈ પટોળીયાની વરણી



અમરેલી, તા. ૩

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકની મીટીગ બેંકના ચેરમેનની ઉપસ્થિતીમા મળી હતી જેમા બેંકના ડાયરેકટર કનુભાઈ પટોળીયાનું અવસાન થતા તેમના પુત્ર શ્રી હરેશભાઈ કનુભાઈ પટોળીયાને બેંકના ડાયરેકટર તરીકેના સર્વાનુમત નિર્ણયને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

મીટીંગમા ચેરમેન દિલીપભાઈ સંઘાણી, વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ સહિતના બોર્ડ મેંમ્બર અને અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી

# હનુમાન ખીજડીયાથી હડમતીયા રોડ સુધીનાં માર્ગને રિસરફેશ કરાશે

## રૂપિયા ૫૩ લાખની રકમ મંજુર થઈ

અમરેલી, તા. ૩

અમરેલીના યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય અને વરસાદથી નુકસાન પામેલા રોડના રિકાર્પેટ કરવાના કામ જલ્દી હાથ ધરાય એ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગનાં પંચાયત હસ્તકના હનુમાન ખિજડીયા – હડમતીયા રોડ (જિલ્લા હદ સુધી) ૧.૫૦ કિલોમીટર રસ્તાના રિસરફેસના કામ માટે રૂપિયા ૫૩ લાખની રકમ સરકાર દારા મંજૂર કરવામાં આવી છે.

# ધારી તાલુકાનાં નરેન્દ્ર મોદી મંચનાં ઉપપ્રમુખપદે વનરાજભાઈ વાળાની વરણી

અમરેલી, તા. ૩

અમરેલી મુકામે નરેન્દ્રભાઈ મોદી વિચારમંચનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રવીજી ચાણકય તેમજ પ્રદેશ મહામંત્રી દેવેન્દ્રસિંહ જાડેજા તથા પ્રદેશ મંત્રી મનિષભાઈ સિધ્ધપુરા તથા પ્રદેશ મંત્રી મનોજભાઈ વાળા તથા જિલ્લા અધ્યક્ષ જયદીપભાઈ નાકરાણીનાં નેતૃત્વમાં યોજાયેલ સભા સદનમાં નરેન્દ્ર મોદી વિચારમંચ–ભારતનાં ધારી તાલુકાનાં પ્રમુખ તરીકે અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપપ્રમુખ વનરાજભાઈ વાળા એડવોકેટને જવાબદારી સોંપવામાં આવી તે બદલ ધારી વકીલ મંડળ તથા ભાજપનાં અગ્રણીઓ તથા ધારી પંથકમાંથી વિકાસ હિતેચ્છુઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''

**અમારૂ ઇ-મેઇલ એડ્રેસ**

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

**amreliexpress7@gmail.com**

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### શહેરીજનોની વર્ષો જુની માંગ પૂર્ણ કરાઈ

# રાજુલાનાં અમરેલી માર્ગનાં પ્રવેશદ્વારેથી ગંદકીનાં ગંજ દૂર કરવાની કામગીરી શરૂ

## ધારાસભ્ય, પાલિકાનાં પૂર્વ પ્રમુખની કામગીરીની પ્રશંસા



રાજુલા, તા. ૩

રાજુલા શહેરમાં અમરેલીથી આવો એટલે પૂજા બાપુ ગૌશાળા પાસે મોટી ઉઘરેટી છે ત્યાં પાંચ ટન જેટલો કચરો દરરોજ ઠલવવામાં આવે છે પરંતુ આ કચરાના નિકાલના અભાવે અહીં મોટી દુર્ગંધ આવતી હતી અને રાજુલામાં પ્રવેશતા બસમાં કોઈ પેસેન્જર બેઠા હોય તો આ દુર્ગંધથી જ ખબર પડે કે રાજુલા આવી ગયું છે ત્યારે આ ઉકરેઠી દૂર કરવા માટે અવારનવાર રાજુલાના શહેરીજનોની માંગણી હતી.

રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને પાલિકાના પૂર્વ પ્રમુખ રવિભાઈ ખુમાણની ઉપસ્થિતિમાં ટ્રોમેલ મશીનરી દ્વારા આ કચરાનું ખાતર બને અને પ્લાસ્ટિક અલગ પડે અને આ ઉકરેઠીનો નિકાલ થાય તે માટે મશીનરીનો પ્રારંભ આજરોજ કરવામાં આવ્યો હતો. વર્ષો જૂની આ સમસ્યા ઉકેલ તરફ આગળ વધતા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. અત્રે નોંધનીય બાબત છે કેથોડા સમય પહેલા અહીં મેદાન બનાવવાની મોટી મોટી જાહેરાતો કરી જેસીબી ચલાવી લાખો રૂપિયાના બીલો આ પાલિકાના સત્તાધિશોએ ઉઘરાવ્યા હતા ત્યારે આ ઉકરેટીનો હવે કાયમી નિકાલ માટે આજે ઉદ્‌ઘાટન કરવામાં આવતા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે અને આ ગંદકી સફાઈ કાયમી ધોરણે જળવાઈ રહે અને મશીનરી નિયમિત ચાલે તેવી પણ શહેરીજનોમાં માંગણી છે. આ તકે હરસુરભાઈ લાખણોત્રા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, બકુલભાઈ વોરા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ત્રિવેદી કમલેશભાઈ, પરમાર ગૌતમભાઈ, ગુજરીયા રાજેશભાઈ, ધાકડા હિંમતભાઈ, જીંજાળા વનરાજભાઈ વરૂ, મહેશભાઈ ટાંક, શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ, જયંતીભાઈ જાની સહિતના શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ધારી ગીર(પુર્વ) વન વિભાગની

# તુલસીશ્યામ રેન્જમાં વિશ્વ જળ પ્લાવિત વિસ્તાર દિવસની ઉજવણી કરવામાં આવી

## નાયબ વન સંરક્ષકનાં હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાયા



અમરેલી, તા. ૩

ધારી ગીર (પુર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડના રાવળડેમ વિસ્તારમાં આજે રોજ વિશ્વ જળ પ્લાવિત વિસ્તાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાયબ વન સંરક્ષક ગીર(પુર્વ) વન વિભાગ ધારીના રાજદિપસિંહ ઝાલા તથા મદદનીશ વન સંરક્ષક ઉનાના મનિષ ઓડેદરા અને મદદનીશ વન સંરક્ષક, ધારીના શૈલેષ ત્રિવેદી તથા રાવળડેમના અધિકારી જયદિપ પટેલના અધ્યક્ષ સ્થાને મેરોથોન દોડનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તુલસીશ્યામ રેન્જ, હડાળા રેન્જ તથા જસાધાર રેન્જના કુલ–૩૫ કર્મચારીઓએ ભાગ લેવામાં આવેલ હતો. જેમાં પ્રથમ ક્રમે એચ.પી.માડમ વનપાલ તથા બીજા ક્રમે એમ.બી. સાકરીયા ફો.ગાર્ડ અને ત્રીજા ક્રમે કે.બી. વાઘ ફો.ગાર્ડ તથા ચોથા ક્રમે ડી.આર. ગુજરાતી ફો.ગાર્ડ અને પાંચમાં ક્રમે આર.એસ. સારલા ફો.ગાર્ડ આવેલ હતા.જેઓને નાયબ વન સંરક્ષક ગીર (પુર્વ) વન વિભાગ ધારીના રાજદિપસિંહ ઝાલાના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવેલ હતા. ત્યાર બાદ પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ચીખલકુબા ખાતે વિશ્વ જળ પ્લાવિત વિસ્તાર દિવસ નિમીતે ગીર (પુર્વ) વન વિભાગના સ્ટાફ માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં પક્ષીવીદ વિરલ જોષી દ્વારા ગીર (પુર્વ) વન વિભાગના અધિકારી/કર્મચારીને વેટલેન્ટનું મહત્વ વગેરે બાબતો વિશે ખુબ વિસ્તારથી વેટલેન્ટના પક્ષીઓ તથા અન્ય જીવ સૃષ્ટી વિશે માહિતી આપવામાં આવેલ હતી.


**સ્ટાફ જોઈએ છે** આગામી સમયમાં સંભવીત ખાલીપડતી જગ્યાઓ માટે અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યા | લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|
| મ.શિક્ષક | B.Ed. + ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ | 15000 થી 35000 |
| કલાર્ક | ગ્રેજ્યુએટ + કમ્પ્યુટર કોર્ષ | 12000 થી 16000 |
| કમ્પ્યુટર ઓપરેટર | ગ્રેજ્યુએટ + કમ્પ્યુટર નોલેજ | 10000 થી 15000 |
| રીસેપ્શનીસ્ટ | ગ્રેજ્યુએટ / B.B.A/M.B.A. | 10000 થી 15000 |
| સ્પોર્ટ્સ ટીચર | B.P.Ed. M.P.Ed. D.P.Ed. | 15000 થી 22000 |
| મ્યુઝીક ટીચર | માન્ય લાયકાત | 12000 થી 18000 |
| લાયબ્રેરીયન | B.LIB. | 12000 થી 17000 |
| પ્યુન | ૮ પાસ | 300 થી 350 પ્રતિ દિવસ; |
| સફાઈ કામદાર | – | 300 થી 350 પ્રતિ દિવસ |
| સીક્યુરીટી | ૮ પાસ | 10000 થી 17000 |
| ગાર્ડનર | – | 400 થી 450 પ્રતિ દિવસ |

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારે રૂબરૂ અથવા પોસ્ટ /કુરીયર મારફત સંપૂર્ણ શૈક્ષણિક અનુભવ વગેરે વિગતો સાથે બાયોડેટા જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ–૧૦ માં મોકલાવવા.

ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત
અમરેલી જિલ્લા વિદ્યાસભા-સ્કૂલ, હોસ્ટેલ
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ

લાઠી રોડ, અમરેલી
Email : vidyasabhaofficial@gmail.com

# બાંધકામ એજન્સી, ભ્રષ્ટ અધિકારીઓ અને અમુક પદાધિકારીઓની મિલીભગતથી

# માર્ગ–મકાન, સિંચાઈ સહિતનાં સરકારી વિભાગો દ્વારા થતાં બાંધકામમાં દે ધનાધન

**૦.૨૫ ટકાથી લઈને દોઢથી બે ટકા જેટલું કમિશન બાંધકામની કુલ રકમમાંથી લેવાતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે**

**જિલ્લામાં દર વર્ષે અંદાજિત એક હજાર કરોડનાં ખર્ચે માર્ગો, મકાનો કે અન્ય પ્રકારનાં બાંધકામ થતાં હોવાનો અંદાજ**

**સરેરાશ પાંચ ટકા જેવી રકમ ભાગબટાઈમાં જાય તો પણ દર વર્ષે બાંધકામ પેટે ૫૦ કરોડની રકમની ખાયકી થતી હોવાનું જોવા મળે છે**

**બાંધકામ કરતી એજન્સીઓ અધિકારીઓ અને પદાધિકારીઓને હથેળીમાં રાખીને લાડ લડાવતી જોવા મળી રહી છે**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં માર્ગ–મકાન (પંચાયત–સ્ટેટ), સિંચાઈ, આરોગ્ય, શિક્ષણ, પીજીવીસીએલ, પાલિકા, ગામ પંચાયત, તાલુકા પંચાયત સહિતનાં સરકારી વિભાગો દ્વારા થતાં માર્ગ, મકાન, પુલસહિતનાંઅન્યબાંધકામોમાં કુલ રકમનાં પાંચ ટકા જેવી રકમની ખાયકી ભ્રષ્ટ અધિકારી અને અમુક રાજકીય આગેવાનો દ્વારા બાંધકામ એજન્સી પાસેથી થતી હોવાની વિગતો ચર્ચાઈ રહી છે.

અમરેલીજિલ્લામાંદરવર્ષે ઓછામાં ઓછા એક હજારનાં ખર્ચે નાના–મોટા માર્ગોકે પુલતેમજમકાનો સહિતનુંબાંધકામકરવામાંઆવતુંહોય છે.તોઅન્યકોઈપણરીતેરેતી,સિમેન્ટ, સ્ટીલનોઉપયોગથતોહોયતેવુંકાર્યથતું હોયછે.જેમાંબાંધકામએજન્સીઓભ્રષ્ટ અધિકારી અને અમુક રાજકીય આગેવાનો ઉપરાંત જે–તે વિભાગની કચેરીનાં વર્ગ–૪ થી લઈને વર્ગ–૩ કક્ષાનાં કર્મચારીઓનેપણનાની–મોટી ભેટ–સોગાદ તો ઉચ્ચ અધિકારી અને પદાધિકારીને ૦.૨૫ થી લઈને ૨ ટકા જેટલું કમિશન જે બિલ મંજુર થાય છે તે માટેઆપતીહોવાનુંજાણવામળેલછે.

હવે, બાંધકામ એજન્સી ભ્રષ્ટાચાર માટે જે રકમ ખર્ચ કરે છે એનાથી ૩ થી ૪ ગણી રકમ તેઓ પોતાને માટે રાખે છે અને જે રકમ કયાંથી મેળવે તો એ રકમ નબળુ બાંધકામ કરીને મેળવી લે છે. જે નિયમ પ્રમાણે રેતી, ઈંટ, સિમેન્ટ કે સ્ટીલનો ઉપયોગ કરવાનો હોય છે તેના પ્રમાણમાં હલ્કી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરીને તે કાર્ય પૂર્ણ કરે છે અને એટલે જ જિલ્લામાં થતાં સરકારી બાંધકામ બેથી દશ વર્ષમાં ખખડધજ

(અનુસંધાન પાના ૬ ઉપર)

### પોલીસ અધિક્ષકની સુચનાથી કાર્યવાહી

## ધારીનાં દલખાણીયા ગામેથી ઉઘાડપગા તબીબને એસઓજીએ ઝડપી લીધો

**રૂપિયા ૨૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો**



અમરેલી, તા. ૩

એસ.જી.ઓ. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.જી.ઓ. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં બોગસ ડોકટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ ધારી તાલુકામાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ખાનગી બાતમી મળેલ કે દલખાણીયા ગામે કોડીનાર હાઈવે રોડની ડાબી બાજુએ ભાડાની મકાનની રૂમમાં ગેરકાયદેસર દવાખાનુ/કલીનિક ચાલતું હોય. જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફીસર તથા ફાર્માસીસ્ટ સાથે રેઈડ કરતા કિશોરભાઈ ભીખુભાઈ મકવાણાને એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી કુલ નંગ–૪૬ કિંમત રૂા. ૨૦૬૨૫.૬૯ના મુદ્દામાલ સાથે એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઈન્જેકશન તથા સિરપની બોટલો–ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે. અને મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધવા અને આગળની ઘટીત કાર્યવાહી અર્થે ધારી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

### પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કરી રજૂઆત

## સબ ભૂમિ ગોપાલ કી : અમરેલી જિલ્લામાં વિન્ડફાર્મ અને ગૌચર જમીનમાં થતાં દબાણને લઈને કાર્યવાહી કરવા માંગ

**પર્યાવરણપ્રેમીઓ દ્વારા અવારનવાર રજૂઆત છતાં કોઈ કાર્યવાહી નહી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસરરીતેતંત્રનીમીલીભગતથી જુદી–જુદી છટક બારીઓ દ્વારા સરકારનીમસમોટીસબસીડીઓમેળવી ગેરકાયદેસર રીતે પવનચકકીઓ ગૌચરની જમીન ચરીયાણ તેમજ તળાવના રસ્તાઓનો ઉપયોગ કરી વીજપોલ લાઈનો નાખી અનેક ગેરકાયદેસરતાચાલેછે.તેબાબતેસતત રજુઆતો કરવા છતાં સ્થાનિક તંત્રની મીલીભગતના કારણે કંપનીઓને છાવરવામાં આવતી હોય તેમ ઘણી પવનચકકીઓ ઉભી થયેલ છે. આ બાબતે જુદા–જુદા પર્યાવરણ પ્રેમીઓ અને એનજીઓ દ્વારા રજુઆતો થયેલ છે પરંતુ પરિણામ શુન્ય છે. તાજેતરમાં રક્ષિત જંગલમાં આવી ગેરકાયદેસર પવનચકકીઓને કોઈ જાતની મંજુરી સિવાય ઉભી કરી લાઈનો ઉપર જુદી–જુદી૯ફરિયાદોપણદાખલ

(અનુસંધાન પાના ૬ ઉપર)

## સુત્રાપાડાનાં પ્રશ્રાવડા ગામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૩

સુત્રાપાડા તાલુકાના પ્રશ્રાવડા ગામે રહેતા દિપેનભાઈ રામસિંહ કાછેલા (ઉ.વ. ૨૦) ધંધો (ઉછૈયા પોસ્ટ ઓફીસ) વાળા ગત તા. ૧ના રોજ સવારના આગિયારેક વાગ્યે રાજુલાના ભેરાઈ રોડ ઉપર આવેલ ક્રિષ્ના બોયઝ હોસ્ટેલમાં પોતે પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ભાવનગર બજરંગદાસ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


જોઈએ છે

અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઈચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

કોમ્પ્યુટર ઓપરેટર....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.






















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)